Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૫ · તા. ૧૧ એપ્રિલ થી ૧૭ એપ્રિલ ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MCE/53/2015-17

## શ્રી ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી માં અંબાઇમાની સમૂહ પહેડી











માતાજીનો શણગાર



આવકાર









માતાજીની સ્થાપના









માતાજીના વંદન









થાળ ધરાવવા પધારતા લાભાર્થી પરિવાર

# ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી માં અંબાઇમાની સમૂહ પહેડી

ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી માં અંબાઇમાની સમૂહપહેડી આ વર્ષે ગુડીપડવાના શુભદિવસે ચૈત્ર સુદ ૧ ને શનિવાર તા. ૨૧-૩-૨૦૧૫ ના ભાંડૂપ ખાતે જૈનમ બેન્કવેટ હોલમાં, ભોંયતળીયે યોજવામાં આવેલ.

સવારના ૯.૩૦ કલાકે સમૂહપહેડીના લાભાર્થી પરિવાર માતુશ્રી રાજભાઇ લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણિયા - વડાલા) પરિવારે માતાજીના ભુવાશ્રી હીરાચંદ પટેલની રાહબરીમાં માતાજીની વિધિવત સ્થાપના / પૂજાવિધિ કરી હતી. ચેતનાબેન હરિયાની મંડળીએ સુગંધી વાતાવરણમાં માતાજીની અર્ચના-આરાધનાની શરૂઆત કરી હતી. વિવિધ રજૂઆત દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા અને સૌ બે કર જોડી કરતલ ધ્વની દ્વારા આરાધનામાં જોડાયા હતા.

ક્ષેત્રપાલ દાદાના જુહાર કરીને બહેનો પધાર્યા કે લાભાર્થી પરિવારે વિવિધ પ્રસાદના થાળ સંગીતને સથવારે નાચતાં ગાતાં પધારીને ધર્યા હતા. લાભાર્થી પરિવાર એવં મોતા પરિવારની વહુઆરોએ માતાજીની સમૂહ પહેડીના જુહાર કર્યા હતા. ફૂલોથી શણગારેલ સ્ટેજ એવં માતાજીના ફોટો પાસે ભૂવાજી વિરાજ્યા હતા. શણગારેલી આરતીથી લાભાર્થી પરિવાર, પરિવારના વડીલો એવં મોતા પરિવારના સૌએ માતાજીની સંગીતમય આરતી સંગીત મંડળીના સથવારે ગાઇને કરતલ ધ્વની દ્વારા સંપન્ન કરાવી હતી..

મોતા પરિવારના શ્રેષ્ઠી શ્રી કલ્પેશ માણેકજી મોતા મુંબઇ મહાજનશ્રીના પ્રમુખપદે વરાયા હોઇ પહેડીમાં અત્યંત ખુશીનો માહોલ હતો. દર વર્ષની જેમ ત્યારના પ્રમુખ શ્રી નયનભાઇ ભેદા પણ પહેડીમાં પધાર્યા હતા. મોતા પરિવાર વતી શ્રી કલ્પેશભાઇનું સન્માન પરિવારના વડીલો અને ગણમાન્ય અતિથીઓના સથવારે સંગીતમય સલામ સાથે કરવામાં આવ્યું હતું. સૌએ પોતાની જગ્યાએ ઊભા થઇ કરતલ ધ્વની દ્વારા પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

સને ૨૦૧૩-૧૪ ના એકેડેમીક વર્ષમાં SSC (પ્રથમ બે) SSC (પ્રથમ બે) એવં સ્નાતક, અનુસ્નાતક પરીક્ષા પસાર કરેલ મોતા પરિવારના યુવાઓનું મોમેન્ટો અને સર્ટીફિકેટ દ્વારા અભિવાદન કરાયું હતું અને પરિવારે ઉજળા ભવિષ્યમાટે આશીર્વાદ આપ્યા હતા. પહેડીના લાભાર્થી પરિવાર માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ ધારશી મોતાનું પરિવાર વડીલો એવં બહેનો દ્વારા સન્માન કરાયું હતું.

આવતા પાંચ વર્ષ એપ્રિલ ૨૦૧૫ થી માર્ચ ૨૦૨૦ સુધી શ્રી ક.દ.ઓ મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરાના ટ્રસ્ટીઓ નિમવા પરિવારની મિટીંગ યોજાઇ હતી. શ્રી હેમંત મોતાએ રજુ કરેલ ઠરાવ સભાએ સર્વાનુમતે પસાર કર્યો હતો અને નીચે મુજબ સાત સભાસદો ટ્રસ્ટી તરીકે ચુંટાએલા જાહેર થયા હતા. સર્વશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, કલ્પેશ માણેકજી મોતા, ચીમન મેઘજી મોતા, હીરાચંદ વેલજી પટેલ (મોતા), ધનપત લાલજી મોતા (હૈદ્રાબાદ), અશોક વેરશી મોતા અને રાજેન્દ્ર કાંતિલાલ મોતા.

ચેતના હરિયાની પાર્ટીએ બહેનોને લયબધ્ધ ગરબા ગવડાવીને રમાડ્યા હતા યુવાઓ અને બાળકો પોતાની આગવી સ્ટાઇલમાં માતાજીના દરબારમાં નાચ્યા હતા. લાભાર્થી પરિવારે સૌ ભાવિકજનોનો આભાર માન્યો હતો. કુમારિકાઓને સુંદર ભેટથી નવાજવામાં આવી હતી.

ઘણા વખતથી ભાવિકોની ઇચ્છા હતી કે એકાદ વખત માતાજી સન્મુખ કચ્છ તેરા ખાતે પહેડીનું આયોજન થાય અને ચૈત્રી નવરાત્રીમાં માતાજીના દર્શનનો લાભ મળે. આવતા વર્ષની પહેડીના દાતા શ્રી કલ્પેશભાઇએ સૌની ઇચ્છા પૂરી કરી છે. આવતા વર્ષે મોતા પરિવારની કુળદેવી માં અંબાઇમાની સમૂહ પહેડી માતાજીના દરબારે કચ્છ તેરામાં યોજાશે. લાભાર્થી પરિવારો છે માતુશ્રી વેજબાઇ ભવાનજી મોતા એવં માતુશ્રી રાજબાઇ પદમશી મોતા (કુવાપધર - હૈદ્રાબાદ) પરિવારો. કચ્છમાં પહેડીના આયોજન બદલ કાર્યવાહી ચાલુ છે. મોતા પરિવારના સભ્યોને યોગ્ય સમયે વિગતે જણાવવામાં આવશે. પહેડી ૮ થી તા.૧૨ એપ્રિલ ૨૦૧૬ દરમિયાન યોજાશે.

આ વર્ષે નવરાત્રી તા. ૧૩-૧૦-૨૦૧૫ થી તા ૨૨-૧૦-૨૦૧૫ સુધી છે. શનિ, રવિ, દશેરા ની પાંચ રજા આ દરમિયાન અનુકુળતા આવશે તો સૌ યુવાઓને નવરાત્રીએ માતાજી દરબારે તેરા માતાજીના દર્શને પધારવા ભલામણ છે.

મોતા યુથ ફોરમ તરફથી દર વર્ષની જેમ શિક્ષણ સહાય આપવામાં આવશે તે બાબત જ્ઞાતીપત્રમાં વિગતવાર જાહેર ખબર આપશે.

સૌજન્ય : માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર હ. એનીશા-લેપીશા-યશ (લાખણીયા-વડાલા)

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 15/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# પ્રાર્થના સભા જ નહીં, મરણ સંબંધી બધા રિવાજો સમયોચિત થવા સર્વાંગીણ સમીક્ષા માંગે છે...

પ્રકાશ સમીક્ષામાં પ્રગટ થયેલા ચર્ચા પત્રોના આધારે એવા તારણ પર પહોંચી શકાય છે એક જમાનામાં પ્રાર્થના સભા સુધારો ગણાતી હતી પણ હવે સમય અને પૈસાના બગાડ જેવી ગણાતી પ્રાર્થના સભાની પ્રથાને બદલવા માટે જનમત કેળવાઇ રહ્યો છે.

પ્રાર્થના સભા ન થવી જોઇએ એવા સૂચનને નકારનારાઓમાંથી ઘણા એવું તો સ્વીકારે છે કે આ કોઇ ખામી વગરની વ્યવસ્થા નથી અને તેને બંધ ન કરીએ તો પણ તેનું સ્વરૂપ બદલવાનું આવશ્યક છે.

આ સંબંધમાં થોડા સમય પહેલાં સમસ્ત ક.દ.ઓ. મહાજન દ્વારા બોલાવાયેલા રીતરિવાજમાં પરિવર્તન ચર્ચા સત્રમાં રજૂ થયેલ સૌને માટે સાનુકૂળ સમયે પ્રાર્થનાના વિચારને પણ આ અંગે ચર્ચા વિચારણા કરતા ધ્યાનમાં રાખવો જોઇએ.

અલબત્ત, એ બાબત બધુ વિચારણા કરતાં પહેલાં મરણ સંબંધ રિવાજો અને તેની પાછળના તર્કને સમજવા રહ્યા.

બીજી મહત્વની વાત એ કે મરણ બાદ યોજતી પ્રાર્થના સભા જ નહીં, મરણ સંબંધી બધા રિવાજોની સમીક્ષા કરવાનો સમય પાકી ગયો છે.

દાખલા તરીકે સ્મશાને લઇ જવા અને અંતિમ સંસ્કાર કરવા જનારા પુરૂષો તથા તે સમયે નેસ નિમિત્તે ઘરે આવેલી સ્ત્રીઓની સંખ્યા.

પ્રાર્થના સભા કરતા સમયનો વધુ બગાડ આભડવા જવા નિમિત્તે થાય છે. જો તર્કબધ્ધ રીતે જોઇએ તો આ ક્રીયાઓ માટે સ્ત્રી-પુરૂષ મળીને નજીકના ૫૦જણ બસ થઇ પડે. પણ વાસ્તવમાં ૧૦૦થી ૧૫૦ જણ અને મોભાવાળા કુટુંબમાં મોત થયું હોય તો ૪૦૦-૫૦૦ જણ આ માટે પોતાનો સમય આપે છે અને, વળી પ્રાર્થનાસભામાં તો તેમણે આવવાનું રહે જ છે.

આ બાબત ચર્ચા વિચારણા કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવા પરિબળોમાં માત્ર સમય અને પૈસાનો બગાડ આ બેજ પરિબળ મહત્વના ન ગણાય. બીજા પરિબળોને પણ ધ્યાનમાં રાખવા રહ્યા.

આની વિચારણાની શરૂઆત મૃત્યુસંબંધી મુખ્યત્વે કયા રિવાજો પાળવામાં આવે છે અને શા માટે? ત્યાંથી થવી જોઇએ. આ બાબતમાં ઊંડા ઉતરીએ તો લાગે છે કે જે રિવાજો પ્રચલિત છે, તેમાં નીચેના પરિબળો વત્તે ઓછે અંશે કામ કરે છે :

૧) મૃત્યુ પોતે એક અટપટી ઘટના છે. આધુનિક વિજ્ઞાન આપણને સમજાવે છે કે હૃદય બંધ પડવું અને મગજ કામ કરતું બંધ પડવું આદિ મૃત્યુમાં મુખ્ય ભાગ ભજવતી ઘટનાઓ એક નથી. હૃદય ધબકતું હોય પણ મગજ કામ કરતું બંધ થયું હોય એવી સ્થિતિમાં શરીર લાંબો સમય રહી શકે નહીં. આજકાલ આવી બ્રેનડેડ મગજ મૃત્યુની સ્થિતીમાં અંગદાન કરાવવાને મહત્વ અપાય છે.

મગજ કામ કરતું હોય પણ હૃદય કામ કરતું બંધ થાય કે મંદ ને મંદ પડતું જાય તો

પણ જીવવાની શક્યતા હોય છે. આવા સંજોગોમાં વેન્ટીલેટર આદિ આધુનિક સાધનો ઘણા ઉપયોગી થાય છે.

મૃત્યુ સંબંધી ઉપરોક્ત મુંજવણો વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી તે પછી પણ ચાલુ રહી છે. તો જ્યારે મૃત્યુ થયું છે. તે જાણવા માટેનાં વધુ સાધનો નહોતા ત્યારે કદાચ વધુમાં વધુ લોકો તે ઘટનાના સાક્ષી બને અને એ રીતે વધુ સાચો નિર્ણય લઇ શકાય એ વાત યોગ્ય હોવાથી વધુ ને વધુ સંબંધિત લોકો નેસમાં આવે અને હાજરીથી આડકતરી રીતે મૃત્યુને પ્રમાણિત કરે એવું ઇચ્છનીય માની નિકટના સૌ સંબંધિતો નેસમાં આવે એવી પ્રથા પડી હશે.

વધુ લોકોના સહભાગ પાછળ કદાચ એવું પણ એક કારણ હોય કે મરણની બાબતમાં (ખુન કે જબરદસ્તી જેવું) કઇંક અઘટિત-અનિચ્છનીય થયું હોય તો એ ફોજદારી બાબત અંગે પણ વધુ જણની હાજરીની પ્રથા અઘટિત-અનિચ્છનીય રોકનાર બની શકે.

આજે જોકે આવી કાંઇ જરૂર નથી. મૃત્યુ સંબંધે ડૉક્ટરનું પ્રમાણપત્ર લેવાયજ છે અને ડૉક્ટરને જરૂરી લાગે તો તેઓ પોલીસને પણ જાણ કરીજ શકે છે. તેથી મૃત્યુને પ્રમાણિત કરવા કે તેમાં ગડબડ નથી એવું દર્શાવવા બધા સંબંધિતોની હાજરી આજે અનાવશ્યક બની ગઇ છે. સ્ત્રી-પુરૂષ મળીને માત્ર ૫૦ જણ એ પ્રક્રિયામાં ભાગીદાર થાય તો પણ બસ છે.

મૃત્યુપછી જીવનું શું થાય છે એ બાબત તો મૃત્યુ થયું છે કે નહીં તેની ખાતરી કરવાથી પણ વધુ રહસ્યમય છે. અહીં વળી પાછું મરનાર જીવની સદગતિ કે તેની મૃત્યુ બાદની આવશ્યકતાઓ તેમજ જ તે અવગતે જાય અને અન્યોને નડી શકે તેમ હોય તો તેની સામે બાકીના જીવિતોએ શું કરવું એની વિચારણાઓને આધારે પણ કેટલાક રિવાજો ઊભા થયા છે.

જૈનો અને બોધ્ધોએ મરનાર જીવે પોતે જે ધર્મ કે સત્કર્મ કર્યા હશે તેજ તેને કામ આવશે એમ ધારી આ સંબંધી રિવાજો ટુંકા રાખ્યા છે. જ્યારે હિન્દુઓએ તો તેને વર્ષો સુધીની લાંબી પ્રક્રીયા બનાવી દીધી છે.

અગાઉ વ્યક્તિના સ્થુળ શરીરના અંતિમ સંસ્કાર થઇ ગયા પછી પણ સુક્ષ્મ શરીરને વિઘટિત થતા ૧૨ દિવસ લાગે એ ધારણાને આધારે તેના નિકટના સ્વજનોને

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિમહાજન મુંબઇ એપ્રિલ-મે ૨૦૧૫માં યોજાનારા કાર્યક્રમો**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની વર્ષ ૨૦૧૫-૨૦ ની મુદત માટેની નવી ટીમે તા. ૧-૪-૨૦૧૫થી પદભાર સંભાળી લીધો છે.

**નવી ટીમે એપ્રિલ-મે ૨૦૧૫માં જે કાર્યક્રમોનું આયોજન કર્યું છે તેની ટુંકી વિગત આ પ્રમાણે છે.**

• **તા. ૧૧-૪-૨૦૧૫થી તા. ૭-૫-૨૦૧૫** સુધી માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ દ્વારા અનંત સિધ્ધિ ભાંડુપ ખાતે **સમર વેકેશન કેમ્પ** વધુ વિગત માટે સંપર્ક : 9869121601 / 9321414748 9321414748

☆ તા. **૧૯-૪-૨૦૧૫** સવારના ૯.૩૦ વાગ્યાથી અનંતનાથજી દેરાસર મસ્જિદ બંદર ખાતે "અનંતલબ્ધિ નિધાનાય શ્રી ગૌતમસ્વામિ મહાપૂજન"

☆ **તા. ૨૦-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ મુમુક્ષુ હેતલબેન મણિલાલ ખોના (સાંધવ)ની ભગવતી પ્રવજ્યા** પ્રસંગ સ્થળો : વિનિતા નગરી (અનંતસિધ્ધી) અને સંયમ સુવાસ નગરી (મેવાડ કેસરી ભવન) - ભાંડૂપ

☆ **તા. ૨-૫-૨૦૧૫** અનંતસિધ્ધિ - ભાંડૂપ ખાતે **૭૪મા સમુહ લગ્ન**

☆ **સંભવિત કાર્યક્રમ : Eduspark દ્વારા Apptitude Test**

તેમની પ્રવૃત્તિઓ, સાંત્વના આપવા આવતા લાકો પાસે હૈયું હળવું કરવા તેમજ સદ્ગત સાથેના સંસ્મરણો તાજા કરવા તેમજ સદ્ગતને સદ્ગતિમાટે શું કરવું તેવું માર્ગદર્શન આપતો ધરમ સાંભળવા જેવી વિધિઓ સિવાય અન્ય વ્યવહાર મર્યાદિત કરવાના રહેતા.

આપણી સાદડીની પ્રથા પણ આ તર્ક પર આધારિત હતી. તે પછી એક તરફ સદ્ગતની સદ્ગતિ સુનિશ્ચિત કરવા પુજા રાખવાની વગેરે વિધિઓ પણ ૧૨ દિવસે-મહિને-૬ મહિને થતી.

વધુમાં ઉઠમણા જેવી પ્રથામાં માનવજીવન ક્ષણભંગુર છે અને મૃત્યુને નિશ્ચિત ધારી માણસે મર્યાદામાં રહી, ધરમને શરણે રહેવું જોઇએ તે દર્શાવાનો ભાવ હતો.

પ્રાર્થના સભામાં સદ્ગતની સદ્ગતિ, પાછળ રહેલાઓની સાંત્વના અને જીવનની ક્ષણભંગુરતાની સમજણ એ બધી વસ્તુઓને એક સાથે વણી લેવામાં આવી છે. જૈનોમાં માત્ર હવે જનાર કાયમ માટે જતા રહ્યા છે અને હવે આપણે એમના વગરજ જીવવાનું છે એમ સામાન્ય જીવનમાં પ્રવેશ નિમિત્તે પુજા રખાય છે.

હિન્દુઓમાં સાંત્વના આપવા આવેલાઓને બારમું - તેરમું જમાડવાનો જે રિવાજ છે તેને કચ્છમાં વસવા પછી રાજગોરોના દર્શાવ્યા જૈનો પણ અનુસરતા હતા. આની પાછળ સુક્ષ્મ શરીર પણ હવે વિઘટિત થઇ ગયું છે, એટલે એ સદ્ગત પાછળ કરવાની વિધિઓનો મુખ્ય તબક્કો પુરો થયો છે અને તેથી કુટુંબ બહારના લોકોને ઋણ સ્વીકાર રૂપે જમાડી આ પ્રક્રીયા થી છુટા પાડવાનો સમય આવ્યો છે એવો ભાવ હતો.

આટલી સંબંધિત જાણકારી પછી આખી વાતને ત્રણ સાદી પ્રથા સુધી મર્યાદિત કરી દઇએ તો બધુંય સચવાઇ જાય.

અંતિમ સંસ્કાર કરવા વખતે ભીડ એકઠી કરવાનો આગ્રહ ન રાખવો. જે ૫૦-૬૦ જણને આવવાનું છે તેમનેજ જાણ કરવી. મૃત્યુ અને કાઢી જવાના એસ.એમ.એસ. બંધ કરવા.

દર આઠવાડીયે રવિવારે એટલેકે સુક્ષ્મ શરીરનું વિઘટન થતું હોય તે દરમ્યાન જ્ઞાતિના સમાજ જીવનના કેંદ્ર એવા અનંતનાથ જિનાલયમાં સમસ્ત મહાજન તરફથી અંતરાય કર્મની પૂજા રાખવી, જેમાં સદ્ગતનાં નિકટના સ્વજનો સહભાગી થાય.

દર મહિને માત્ર એક વખત સમસ્ત મહાજન દ્વારા કોઇ મોટા હોલમાં સમૂહ પ્રાર્થના રાખવી. જેથી સદગતના સ્વજનોને તેમનાં કે પોતાના રૂટીનમાં વિક્ષેપ પાડ્યા વગરજ સાંત્વના આપી શકાય તથા જીવનની ક્ષણભંગુરતાનો ભાવાત્મક સાક્ષાત્કાર કરી શકાય.

સમાપનમાં એટલુંજ કેવાનું કે જે કાંઇ રિવાજો છે તે કોઇ કાળે ચોક્કસ સ્થળ-કાળની આવશ્યકતાઓ પ્રમાણે બનેલા છે. તેને પહેલા તો યોગ્ય રીતે સમજવા જોઇએ. અને પછી તેને સમય અનુરૂપ એવું સ્વરૂપ આપવું જોઇએ કે ખોટા દેખાડા વિના, ખોટી ભાવુકતામા તણાયા વિના મૃત્યુ પછીના રિવાજો સંબંધે સમયોચિત અને તર્કબધ્ધ રિવાજ-પ્રથા કેળવી શકાય.

**ચંદ્રસેન મોમાયા**

**શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસ્તીપત્રક સમિતિની ઓફિસનું સરનામું: હવેથી આ પ્રમાણે છે.**

C/O શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર, પહેલે માળે, 302/306 નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦ ૦૦૯. • ફોન : મો.ન. 09920855259 / 09619343793

Email : kdovasti@gmail.com • Web : www.kdovp.com


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

સમાજમાં શિક્ષણ ક્ષેત્રે....
દાનની પરિભાષા બદલનારા....
વડિલ શ્રી રાયચંદ ધરમશીને
સ્મૃતિવંદન સહ શ્રી હેમાંગભાઇ અને
સમગ્ર ધરમશી પરિવારની
ભાવભરી અનુમોદના
*તન - મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

**શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ**
**શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ.જૈન કન્યા છાત્રાલય**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ**

લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬ ફોન : 022 25133174 / 25100157

**આપણી શૈક્ષણિક સંસ્થાઓના નવા એડમીશન તથા લોન-સ્કોલરશીપ (વગર વ્યાજની લોન) અને ફી સહાયના ફોર્મસ આપવાની કાર્યવાહી બાબત :-**

**શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર**

**શાળા વિભાગ / કોલેજ વિભાગ** : અરજીપત્રક ભરવાની છેલ્લી તા: **૩૧ મે ૨૦૧૫;**
નોંધ તા. ૩૧-૫-૨૦૧૫ પછી ફોર્મ લેટફી સાથે જ સ્વીકારવામાં આવશે.
**શાળા વિભાગ (ધોરણ ૫ થી ૧૨) ઈન્ટરવ્યુ: તા. ૧૩-૬-૨૦૧૫** સવારે ૧૦.૩૦ વાગેથી (સાયન ખાતે)
**કોલેજ વિભાગ ઈન્ટરવ્યુ : તા. ૧૪-૬-૧૫** સવારે ૧૦.૩૦ વાગેથી (સાયન ખાતે)

૧લી જુન ૨૦૧૫ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલાં અરજીપત્રક ભરવાના રહેશે. વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા જમવાની ફી સવલતો આપવામાં આવે છે. ધોરણ ૧૧ અને ૧૨ ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફી સવલતો પ્રાપ્ય છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાંચનાલય, પુસ્તકાલય વિવિધ બહોળા પ્રમાણમાં લાભો ઉપલબ્ધ છે.

**શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય**

૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : 25063449
**શાળા તથા કોલેજ વિભાગ** : (કે.ડી.ઓ. છાત્રાઓને નિશુઃલ્ક રહેવા - જમવાની સગવડ પ્રાપ્ત છે)
અરજીપત્રક ભરવાની છેલ્લી તારીખ : **૩૧ મે ૨૦૧૫**
(નોંધ : તા. ૩૧-૦૫-૨૦૧૫ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.)
આરજીપત્રક મેળવવાનો તથા ભરીને પાછું આપવાનો સમય : બપોરનાં ૩.૦૦ થી સાંજના ૫.૦૦ દરમ્યાન
કે.ડી.ઓ જ્ઞાતિનો છાત્રાઓને ઈન્ટરવ્યુ આપવાની તારીખ : ૧૩ મી જુન ૨૦૧૫
સમય : જૂની છાત્રાઓ માટે ૧૦.૩૦ થી ૧.૦૦ નવી છાત્રાઓ માટે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાકે
ઘાટકોપર ખાતેના છાત્રાલયમાં ઈન્ટરવ્યુ સમયે માતા/પિતા અથવા જવાબદાર વાલી સાથે હાજર રહેવાનું રહેશે, ત્યારબાદ કન્યા છાત્રાલય શરૂ થતા અને રીજલ્ટ મળતા તેની ઝેરાક્ષ કોપી છાત્રાયલની ઓફિસમાં આપવાની રહેશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ભગિનીગૃહ (Working Women's Hostel)**

હોસ્ટેલ એડ્રેસ : ૨૬૩/૬૫ જુનુ અનંતભુવન, ૪ થા માળે, ભાત બજાર, નરશીનાથા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૯
કાર્યાલય એડ્રેસ : કન્યાછાત્રાલય, ગારોડીયા નગર (ઉપર મુજબ)
કેડીઓ જૈન તેમજ અન્ય જ્ઞાતીની સર્વિસ કરતી મહિલાઓને રહેવા અર્થેની સુવિધા

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ: (વીરજી લધાભાઈ ટ્રસ્ટ, મણી માણેક ચે.ટ્રસ્ટ, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચે. ટ્રસ્ટ તથા શ્રી કે.ડી.ઓ. જૈન, મુંબઈ મહાજન )**

S.S.C. માં ૫૦% કે તેથી વધુ ગુણાંકે પાસ થયેલ કોલેજના વિદ્યાર્થી / વિદ્યાર્થીનોઓને હોસ્ટેલ ફી/ કોલેજ ફી માટે વગર વ્યાજે લોન / શિષ્યવૃતિ આપવામાં આવે છે.
ફોર્મ ભરવાની છેલ્લી **તારીખ ૩૦મી જુન ૨૦૧૫** છે. વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

નોંધ :-પ્રત્યેક પરિણામની ઓરીજીનલ માર્કશીટ ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી
લોન અરજીફોર્મ નવા બનાવેલ છે. જુના અરજી ફોર્મ સ્વીકારાશે નહિ; નવા અરજીફોર્મ સંસ્થાની ઓફિસેથી મેળવી ભરવાના રહેશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત**
**શ્રી કાનજી ભાણજી અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ**

(ધોરણ ૧ થી ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય) ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦ મી જૂન ૨૦૧૫ છે.
નોંધ : વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીએ અરજી કરવી નહિ.

**- જ્ઞાનદાન શ્રેષ્ઠદાન-**

|| શ્રી અનંતનાથાય નમઃ || || શ્રી આદિનાથાય નમઃ || || શ્રી શાંતિનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, સાંધવ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ

સુજ્ઞ જ્ઞાતિજનો,

''અવસર આવ્યો અમ આંગણીયે'' ૩૫-૩૫ વર્ષે પહેલા **ગુણવંતીબેન** અને **કુ. હેમલતાબેને** સંયમ માર્ગે પ્રયાણ આદર્યું અને નામ મળ્યું **પ.પૂ.સા.શ્રી. ગુણમાલાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સા.શ્રી. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.** પૂજ્ય શ્રીઓની દીક્ષા મુંબઈ મહાજનના નેજા હેઠળ થઈ હતી. આજે ફરી વાર અમારા મનના મયુર નાચી ઉઠયા છે. અંતરમનનો આત્મા ધર્મની રમણીયતા મેળવવા મનોમંથન કરી રહ્યો છે. **અ.સૌ. મીનાબેન મણીલાલ ખોના** - સાંઘવવાલા હાલ ભાંડુપ ની સુપુત્રી **કુ. હેતલ** ની દીક્ષા ના યજમાન થવાનું માન કોઈક પૂણ્યોદયે અમને મળ્યું છે.

**''હજારો કેમરાથી ઝડપી ન શકાય.. હજારો કલમોથી લખી ન શકાય..**
**શબ્દોના ત્રાજવે તોલી ન શકાય''**

એવા મુમુક્ષુ હેતલબેન ના મહાભિનિષ્ક્રમણ મહોત્સવે પધારવા સહૃદય આમંત્રણ પાઠવીયે છીયે. આપની હાજરીથી આ પ્રસંગ ને ચાર ચાંદ લાગશે. આપણે વહેવારીક-સામાજીક પ્રસંગે જવાનું લગભગ ભૂલતાં નથી. નોંધી લ્યો **પંચાન્હિકા મહોત્સવની** તારીખો સવંત ૨૦૭૧ વૈશાખ સુદ ૨ થી વૈશાખ સુદ ૬ તા. ૨૦/૪/૨૦૧૫ થી ૨૪/૪/૨૦૧૫, સ્થળ : અનંતસિધ્ધિ - મેવાડ કેશરી ભવન, ભાંડુપ.



### આ છે મહાભિનિષ્ક્રમણ - દીક્ષા મહોત્સવ ના ચમકારા

૧. શ્રી આદિનાથ જિનાયલનો રજવાડી શણગાર
૨. દરરોજ નીત નવી રંગોળીઓ
૩. દરરોજ નીત નવી ગહુલીઓ થી પ્રભુ ને વધામણા
૪. વિનિતા નગરી - અનંતસિધ્ધિ નો ભવ્ય શણગાર - જાજરમાન પ્રવેશદ્વાર
૫. વાંચી ને અંતરમાં ઉતારવા લાયક વિવિધ બેનરો
૬. શ્રી આદિનાથ દાદાની દરરોજ બેનમૂન આંગી
૭. કરૂણાની કાંબળી, કોમળતાનાં કપડા, સમર્પણનો સંથારો, પ્રવિત્રતાનાં પાત્રા, દયાનું દંડાસણ, પ્રસન્નતાની પોથી, રમણતા ભર્યું રજોહરણ, નવકારમય થવા નવકારવાળી, સાધ્વીજી ભગવંતો ને જોઈતી દરેક ચીજ-વસ્તુઓનું - ભવ્ય Exhibition.
૮. બુધવાર તા. ૨૨/૪/૨૦૧૫ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., ગણીવર્ય શ્રી કવિન્દ્રસાગરજી, મુની ભગવંતો, સાધ્વીજી ભગવંતો અને યતિશ્રી મોતીસાગરજી મ.સા. નો નગર પ્રવેશ - ભવ્ય સામૈયું સવારના ૭.૦૦ કલાકે ઈશ્વર નગર ભાંડુપ થી...
૯. હૃદય ની આંખોને ભીજવતું, તમારા રૂમાલ ઓછા પડે અને આંખો અશ્રુઓથી ભરાઈ જાય, દીક્ષા જ લેવા જેવી છે. સંયમ જ આપણો માર્ગ છે. 'જૈનત્વ થી સમયકત્વ'' તા. ૨૩/૪/૨૦૧૫ ગુરૂવાર સાંજના ૭.૦૦ કલાકે થી મેવાડ ભવન, ભાંડુપ. રખે ચૂકતા... આપણા સૌના... લાડીલા સરસ્વતીના ઉપાસક, નવકાર મંત્ર આરાધક - વર્ષીતપના તપસ્વી એવા **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** ના સ્વમૂખે - રૂડા રાજમહેલ ને ત્યાગી... **હેતલ** ચાલી રે.

ભવ્ય સંગીતમય વિદાય સમારંભ - રખે ચુકતા.... જીવન નો અણમોલ પ્રસંગ - દીક્ષા આપણે લેશું ત્યારની વાત ત્યારે... પણ આ ઘડી માં પૂણ્ય નું ભાથું બાંધવા પધારશોજી.

૧૦. ચાર-ચાર મુમુક્ષુઓ દ્વારા ભવ્યાતિભવ્ય વર્ષીદાન, અરિહંત નો રજવાડી રથ, બેન્ડ-ઢોલ-પખાવાજ- સાથે આચાર્ય-ગણીવર્ય, મૂની ભગવંતો, સાધ્વીજી ભગવંતો - યતિશ્રી - જૈનત્વ ના જયકાર સમા, અચલગચ્છ ના અણગાર મુમુક્ષુઓને ભાવ ભરી વંદના કરવા પધારો. અનુકંપા દાનની ગાડી, ઇન્દ્રધ્વજા, ઘોડા વગેરે નિહાળવા તા. ૨૩/૪/૨૦૧૫ ના સવારના ૭.૩૦ કલાકેથી ભાંડુપના રાજમાર્ગ ઉપર પધારશોજી. આપની હાજરી આ શોભાયાત્રાનો શણગાર વધારશે.

૧૧. શુક્રવાર તા. ૨૪/૪/૨૦૧૫ ના ૭.૩૦ કલાકે મુમુક્ષુ દ્વારા સંસાર ત્યાગતા પહેલા ''બેંઠુ વર્ષીદાન'' (જ્ઞાતિજનો માટે ખાસ). સવારના ૮.૦૦ કલાકે મુમુક્ષુ **હેતલબેન** ની દીક્ષા ની ડોલી જોવા ખાસ પધારશો.

૧૨. તા. ૨૪/૪/૨૦૧૫ સવારના ૯.૦૦ કલાકે થી સંયમ સુવાસ નગરી મધે મહાભિનિષ્ક્રમણ - સંયમ દીક્ષા મહોત્સવ...

**તે ણં કાલેણં ...... તે ણં સમણેણં ...... તે કાળે ...... તે સમયે**

**વરસીદાનની વધાઇ........ વ્રતોચ્ચારની ઘડીઓ સવાઇ.......**

**અવસર છે આનંદનો, આવકાર છે અંતરનો, કરજો સ્વીકાર અમ સ્નેહનો,**

**પધારજો પ્રસંગ છે આ પોતાનો!**



**સ્થળ : સંયમ સુવાસ નગરી, મેવાડ ભવન હૉલ, ભાંડુપ.**



**લાભાર્થી પરિવાર**

માતુશ્રી ઝવેરબેન પદમશી કલ્યાણજી ખોના પરિવાર તથા માતુશ્રી ભચીબાઈ હરશી નાંગશી લોડાયા

માતુશ્રી લાખબાઈ દેવજી કુંવરજી ગોસર પરિવાર હસ્તે : અ. સૌ. વિજયાબેન કુંવરજી હરશી લોડાયા પરિવાર



# સંતતિ કે સંપતિ



મુંબઈ મહાજન ને આંગણે આવેલી

**અનમોલ તકને વધાવો... લક્ષ્મીને ધર્મલક્ષ્મી બનાવો**

દુર્લભ એવું મળેલું માનવ ભવ, પરમાત્માનું શાસન, જૈન ધર્મ, અચલગચ્છીય કુળ-પરંપરા, વગેરે ને સફળ કરવું છે ? જ્ઞાનિ ભગવંતોએ માનવજીવનની સફળતા ચારિત્ર અંગિકાર કરવામાં જ છે એમ કહ્યું છે. સંસાર માં રહેવાનો આનંદ આપણને એટલો ચડી ગયો છે કે સંયમ નો પંથ આપણને દેખાતો નથી. ચારિત્ર લેવાનો ભાવ આપણા હૃદયમાં આવતો નથી !

આદિનાથ ભગવાને અવસર્પિણી કાળમાં પ્રથમ દીક્ષા લીધી... એમના માર્ગે અગણિત આત્માઓએ ચાલી ને આત્મકલ્યાણ કર્યું છે. કદાચ ચારિત્ર્ય મોહનીય કર્મના કારણે એ માર્ગે ચાલવાનું સત્વ આપણે નથી ફોરવી શકતા તો એ માર્ગે જનારની અનુમોદના તો કરી જ શકીયે છીયે ને ?

આપણા જ જ્ઞાતિ ની કોડીલી શિક્ષિત કન્યા જ્યારે પ્રવજ્યા ના પુનિત પંથે ડગ માંડવા જઈ રહી છે ત્યારે એની અનુમોદનાર્થે તમારા સંતતિ (બાળક) ને રજા ન આપી શકો તો આપની સંપતિ ને સાર્થક અવશ્ય કરો.

નાના માં નાનો જ્ઞાતિજન લાભ લઈ શકે એ હેતુ થી રૂા. ૫૦૦/- ની એક આની પ્રમાણે શક્તિ ગોપવ્યા વગર તમારા પરિવાર ની - સગા - સંબંધી - સ્નેહીજનો - મિત્ર વતૃળ ની આનીઓ લખાવી, દીક્ષા પ્રસંગે તમારો સહયોગ આપી લ્હાવો લેવા અભ્યર્થના...

**આજનો લ્હાવો લીજે રે, કાલ કોણે દીઠી છે... જીંદગીમાં કેટલું કમાણા રે, જરા સરવાળો માંડજો**

આની લખાવી રસીદ મેળવશોજી

**સંપર્ક સુત્ર : આદિનાથ જિનાલય પેઢી - ૨૫૯૫૧૩૭૨ / ૨૫૯૫૯૭૬૧**

શુભ ॥ અનંત ચૌવિશી જિન નમો॥ લાભ

# શ્રી કુલપાલકજી તીર્થ યાત્રી સંઘ

૩-૪-૨૧૫/એ, આ.ક.કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર, કાચીગુડા, હૈદ્રાબાદ ૫૦૦ ૦૨૭.

ફોન : 040-6636 2545, 2756 2545

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. 09246532545, પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર**

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂા.૫૦/- માત્ર દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન થાય છે. જેનો નકરો વ્યક્તિ દિઠ રૂા. ૫૦/- માત્ર છે. તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે.

અનુકુળતાએ નવગ્રહ મંદીરની બસનું પણ આયોજન થશે. જેની વખતોવખત જાહેરાત કરવામાં આવશે.

ઑગસ્ટ ૧૫ તથા ૧૬, ૨૦૧૫ ના આયોજીત શ્રી પેદ્દતુમ્બલમ તીર્થ યાત્રાનો પણ લાભ લેવા હાર્દીક નિમંત્રણ છે.

## "પાલીતાણા, ગીરનાર, કચ્છ પંચતીર્થી યાત્રા"

પાલીતાણા, ગીરનાર, કચ્છ પંચતીર્થી યાત્રાનું ભવ્યાતીભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં કલીકુંડ, તગડી, અયોધ્યા, પાલીતાણા, ડેમ, અજારા, સોમનાથ પાટણ, સોમનાથ જ્યોતીર્લીંગ, જુનાગઢ, ભદ્રેશ્વર, વાંકી બઉતેર જિનાલય, દેઢીયા, સુથરી, કોઠોરા, જખૌ, નલીયા, તેરા, શંખેશ્વર, મહેસાણા મહુડી, બીજાપૂર આવા અનેક તીર્થ ક્ષેત્રની સ્પર્શના કરાવવામાં આવશે. જેના માટે નકરો રૂા. ૧૩૦૦૦/- રાખવામાં આવેલ છે. શુભ પ્રસ્થાન માગસર સુદ ૧ શુક્રવારને તા. ૧૧ ડિસેમ્બર ૨૦૧૫ સીકંદરાબાદ થી રહેશે તથા માગસર સુદ ૧૨ મગલવાર ને તા. ૨૨ ડિસેમ્બર ૨૦૧૫ ના સીંકંદ્રાબાદ પાછા ફરશું, નામો લખાવવાની છેલ્લી તા. આષાઢ સુદ પૂનમ શુક્રવારને તા. ૩૧ જુલાઇ ૨૦૧૫ રાખવામાં આવેલ છે. છેલ્લી તારીખની રાહ ન જોતા તુરંત નામ નોંધવવા વિનંતી, જેથી વ્યવસ્થા જાળવામાં સુગમતા રહે.

યાત્રામાં જોડાઇ તીર્થ યાત્રાનો લાભ ન લઇ શકનાર ભાવિકોને વિનંતી છે કે પોતા તરફથી યાત્રાળુ સ્પોન્સર કરી વધારેથી વધારે ભાવિકોને યાત્રાનો લાભ અપાવશો. જી-યાત્રા સ્પોન્સર માટે નકરો રૂા. ૧૧,૧૧૧/- રાખવામાં આવેલ છે. આપશ્રી કોઇ પણ નિમિત્તે યાત્રાનો મહત્વનો ભાગ બનવા ઇચ્છતા હોતો તે માટે વિવિધ યોજનાઓનું પણ આયોજન કરવામાં આવેલ છે.

**મુખ્ય સંઘપતિ** દાતાનો નકરો રૂા. ૫,૫૫,૫૫૫/-

આધાર સ્થંભ દાતાનો નકરો. રૂા. ૧,૧૧,૧૧૧/-

યાત્રા દરમ્યાન બપોરનું સ્વામીવાત્સલ્યરૂા. ૩૧૦૦૦/- (૧૨ દિવસ)

યાત્રા દરમ્યાન સાંજે ચોવિહાર રૂા. ૨૧,૦૦૦/- (૧૨ દિવસ)

યાત્રા દરમ્યાન **સવારની નવકારશી** રૂા. ૧૧,૦૦૦/-(૧૨ દિવસ)

યાત્રાની અદ્વીતીય સફલતા માટે આજથીજ નવકાર મહામંત્રનો અખંડ જાપ શરૂ કરશોજી.

સર્વ સાધારણ ફંડની વૃદ્ધિ માટે રૂા. ૧૧૧૧/- નું સંકલ્પ અનુદાન દઇ આપના પરિવારના શુભ પ્રસંગ ઉજવી શકો છો. આપના પ્રિય વ્યક્તિના યાદગારી રૂપે આ સંકલ્પ અનુદાન પત્ર લઇ પુણ્યાર્જન કરી શકો છે. સંકલ્પ અનુદાનની રકમ ફીક્સ ડપોઝીટમાં રાખી એના વ્યાજમાંથી સર્વ સાધારણ નિભાવ ખર્ચ કરવામાં આવે છે. જીવદયા, ગરીબ ભોજન, ધાર્મિક પાઠશાલાઓને પ્રોત્સાહન એવા અનેક સતકૃત્યના પુણ્યના ભાગીદાર થવાની સુંદર તક જતી કરતા નહીં.

**""VISON 2020"** સાલ ૨૦૨૦ સુધી કુલપાકજી તીર્થ યાત્રી સંઘનું અત્યાધુનિક ભવન ઊભું થશે. જેમાં ભોજનશાલા, પાઠશાલા, વાચનાલય ઉપાશ્રય એવી અનેક પ્રવૃત્તિઓ પૂર જોશમાં ચાલુ થશે. આપનું યોગદાન આ સપનાને સાકાર કરવા મદદ રૂપ થશે.

**કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

**માતૃશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,** ગામ મોટા લાયજા - કચ્છ, હાલ મુંબઇ

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા** મુમુક્ષ પરિવારના જય જિનેન્દ્ર




### દશા-વીસાનો ભેદ શા માટે?

ભાતબજારમાં શેઠશ્રી કેશવજી નાયકે ૧૪૦ વર્ષ પૂર્વે બંધાવેલ પરબનું સુસંસ્કરણ કરાયું. હેરિટેજ દરજ્જાની આ ઈમારતના ઉદ્‌ઘાટન વખતે કચ્છી દશા ઓશવાલ અને કચ્છી વીશા ઓશવાલના જ્ઞાતિજનો અને શ્રેષ્ઠીઓ સાથે બેઠેલા હતા.

માહોલ જોઇને મનમાં વિચાર આવ્યો કે બન્ને જ્ઞાતિ અહીં જ ફૂલીફાલીને મુંબઇના પરાંમાં સ્થાયી થઇ છે. હવે તો રોટીબેટીનો વહેવાર પણ નિઃસંકોચ વધી રહ્યો છે. આપણા સાધુ ભગવંતો પણ દિક્ષા બાદ ભેદભાવ વગર એક થઇને સમાજમાં વિહાર કરે છે. એકબીજાના સ્થાપિત ધર્મસ્થાનકોમાં પણ બન્ને જ્ઞાતિજનો પૂરી શ્રદ્ધાથી જાય છે. ધાર્મિક અનુષ્ઠાનો પણ એક થઇને ઊજવીએ છીએ તો દશા-વિશાના ભેદ શા માટે?

આ લખનાર પણ વિશા-દશા બેલડી ૬૦ વર્ષથી સગા ભાઇઓથી વિશેષ સંબંધ ધરાવે છે. સમાજમાં આવા અનેક દાખલાઓ પણ છે. તો આપણા ગુરૂવર્યોને શ્રેષ્ઠિ મહાજનોને અમારી નમ્ર વિનંતી કે આ વિષયમાં વહેલી તકે વિચાર વિમર્શ કરી એકતા તરફ આગળ વધીએ.

**માટુંગા : પ્રમોદ ખીમજી તેજુકાયા**
**ધર્મેન્દ્ર રતિલાલ નાગડા**

### જૈન સાધૂ-મહાત્માઓની સુરક્ષા

જૈન સાધુ-સાધ્વીઓ ભારે કઠિન જીવન વ્યતીત કરતાં હોય છે. તેમને વિહારમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. તેમાં છેલ્લાં કેટલાક વર્ષોથી એક નવી મુશ્કેલીનો વધારો થયો છે. અમુક અસામાજિક તત્વો વિહાર કરતા સાધુઓને પોતાના વાહનની અડફેટમાં લઇને તેમને ઘાયલ કરી નાખતા હોય છે અથવા તો મારી નાખતાં હોય છે. આ ષડ્‌યંત્રને વહેલી તકે રોકવાની અને વિહાર કરતાં સાધુ-સાધ્વીઓને સુરક્ષા પૂરી પાડવાની


અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર
• બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨.
Tel. : 22413995 / 22402786
સરનામું : ૨૮, ગની મેન્સન, શૉપ નં ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.)
કિંગ સર્કલ, મુંબઇ -૧૯ ફોન નં-2404 3995/93222 58574


## શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર
## –: ગેટ ટુ ગેધર પ્રોગ્રામનું જાહેર આમંત્રણ :-

શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના **એક ગેટ ટૂ ગેધર પ્રોગ્રામ** રવિવાર તા. ૨૫-૦૪-૨૦૧૫ના રોજ સવારના ૯.૩૦ થી બપોરના ૨.૩૦ દરમ્યાન જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, અનંતસિધ્ધિ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦૦૭૮ ખાતે રાખેલ છે.

કાર્યક્રમ દરમ્યાન સંસ્થાના પુનઃસર્જન પ્રોજેક્ટથી માહિતગાર થવાની તથા જુના સંસ્મરણો તાજા કરવાની સુવર્ણ તકનો પ્રત્યેક ભૂતપૂર્વ વિદ્યાર્થી જરૂરથી લાભ લે એવી નમ્ર વિનંતી.

સંસ્થાના પ્રત્યેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તેમજ
સંગાથે સ્વરૂચિ ભોજન માટેનું હાર્દિક આમંત્રણ છે.

**આમંત્રક**

**શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ** વતી

**સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

જવાબદારી સરકાર તેમ જ જૈન મહાજનો ઉપર આવી પડેલી છે.

એ માટે મુનિ-મહારાજોને વિનંતી કે તેઓ પ્રથમ પોતાનો વિહારનો ટાઇમ બદલી નાખે. ખૂબ વહેલી સવારે અંધારામાં નીકળવાને બદલે તેઓ સવારના આઠથી અગિયારનો સમય જ વિહાર માટે પસંદ કરે. વહેલી સવારના અંધારાનો કેટલાક વાહન-ચાલકો ગેરલાભ લેતા હોય છે. અકસ્માત કરીને અંધારામાં ભાગી જતા હોય છે.

તે સિવાય કેટલાંક સૂચનો આ રહ્યાઃ બધા મુનિ-મહારાજોને વિહારમાં પોલીસ સુરક્ષા પૂરી પાડવી કદાચ સરકાર માટે શક્ય ન હોય, પણ દરેક ગામનાં જૈન મહાજનો એવી સુરક્ષા પૂરી પાડવા શક્તિમાન છે. તેઓ સાધુ મહારાજ જ્યારે વિહારમાં નીકળે ત્યારે દેરાસરનો એક ચોકિયાત સાથે મોકલે. વળી ગામનાં બે-ત્રણ શ્રાવકો બીજા ગામ સુધી સાધુ મહારાજે સાથે વિહાર કરીને તેમને ત્યાં સુરક્ષિત પહોંચાડીને વાહનમાં પોતાના મૂળ ગામે આવી જાય. આમ કરવાથી સાધુ મહારાજોની સુરક્ષા માટે ભાગે સચવાઇ જશે. પ્રભુની કૃપાથી નાનાં ગામોનાં જૈન મહાજનો પણ આટલો ખર્ચ વહન કરવાની શક્તિ ધરાવે છે.

વળી જ્યાં શક્ય હોય ત્યાં બે નજીકનાં ગામોનાં જૈનમહારાજોના વિહાર માટે એક પગદંડીનું નિર્માણ કરે તો અકસ્માત થવાના ચાન્સ ઘણા ઘટી જશે.

ગાંધીધામ - (કચ્છ) **શામજી પદમશી છેડા.**

### શ્રી અનંતનાથ કૉમ્પ્લેક્સ ગ્રાઉંડ

શ્રી. કાંજૂરમાર્ગે કૉમ્પેલક્સ ગ્રાઉંડથી મોટા ભાગના જ્ઞાતિજનો બહુ પરિચિત ન હતા. ત્યાં હવે મોટા પાયે સમારંભો અને જમણવાર યોજાવા માંડ્યા છે તેથી અવર જ્વર વધી છે.

આવનારાઓની સુવિધા ખાતર કોમ્લેક્સના વળાંકના મોર્ગે થઇ શકે તો માર્ગ ચિન્હ બેસાડવાની જરૂર છે. સ્થાનિક સુધરાઇ સભ્યના સાથ સહકારથી થઇ શકે તો એવા માર્ગ ચિન્હો બેસાડવાની જરૂર છે. સ્થાનિક સુધરાઇ સભ્યના સાથ સહકારથી માર્ગ સરળ અને રસ્તો વિસ્તૃત કરવાની જરૂર છે. સમારંભોની વેળા ગાડીવાળાઓને

**અનુસંધાન ૨૬માં પાને**

॥ શ્રી સચ્ચાય માતાજી નમઃ ॥

## શ્રી વરાડીયા (કચ્છ) મધ્યે બીરાજમાન દંડ પરિવારનાં કુળદેવી શ્રી સચ્ચાય માતાજીની મુંબઈ નગરે નવમી (૯) પહેડી પ્રસાદ નિમિત્તે ભાવભર્યું આમંત્રણ

ખુશાલી પુર્વક જણાવવાનું કે કુળદેવી શ્રી સચ્ચાય માતાજીની અસીમકૃપાથી અને સૌ ભાવિકોના સાથ સહકારથી મુંબઈ નગરે શ્રી સચ્ચાય માતાજીની નવમી (૯) પહેડી પ્રસાદ નિમિત્તે આપ સૌ ભાવિકો તેમજ નીયાણી બહેનોને સહપરિવાર પધારી.

**દર્શન-વંદન-ભક્તિ ભાવના પ્રસાદનો લાભ લેવા ભાવ ભર્યું આમંત્રણ છે.**

**શુભ સમય :-** સવારનાં ૧૦ થી ૧ સુધી

**શુભ દિવસ :-** સવંત ૨૦૭૧ વૈશાખ સુદ ૮ ને રવિવાર તા.૨૬.૦૪.૨૦૧૫

**શુભસ્થળઃ-પદમાવતીબેન્કવેટ હોલ,** ૫ મે માળે, પ્રણવ કમર્શીયલ પ્લાઝા, શીવસેના ઓફિસની ઉપર, મહાત્મા ગાંધી રોડ, મુલુંડ (વેસ્ટ) મુંબઈ - ૮૦

**પહેડીના દાતા પરિવાર :** માતુશ્રી જયવંતીબેન હીરાચંદ જેઠાભાઈ દંડ પરિવાર (છાદુરા-મુલુંડ) કાંતીરોય ફોટો સ્ટુડિયો વાલા

**હસ્તે શ્રી લલીતભાઈ હિરાચંદ દંડ** (9320999994) **તથા શ્રી નરેન્દ્રભાઈ હિરાચંદ દંડ** (09320041410)

**સંપર્ક :** શ્રી શરદભાઈ દંડ (સુરત) - 09638321690 શ્રી કાર્તિક દંડ (ડોંબિવલી) - 9821336833
શ્રી જયેશ દંડ (ઘાટકોપર) - 9324644945 શ્રી હીરેન દંડ (ઘાટકોપર) - 9323435339

**નોંધ :** પહેડી પ્રસંગે કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં કાળજી લેવા નમ્ર વિનંતી.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, ખારેક બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન : ૨૩૪૨ ૧૩ ૪૪ / ૨૩૪૪ ૧૯ ૨૯

# નેહ નીતરતું આમંત્રણ

"રૂડો અવસર આવ્યો જ્ઞાતિના આંગણે, અનંતનાથ દાદાના પરચા જ્ઞાતિના આંગણે
ગુરૂ ગૌતમસ્વામિની ભક્તિ જ્ઞાતિના આંગણે, નુતન ટીમની શુભ શરૂઆત જ્ઞાતિના આંગણે."

માનનીય શ્રી,

પ્રણામ !

અમને જણાવતાં અતી આનંદ થાય છે કે અનંતનાથ દાદાની અસીમ કૃપાથી સદ્ગુરૂઓનાં નિર્મળ આશીર્વાદથી અને જ્ઞાતિજનોના સહકારથી ગતવર્ષોમા ગચ્છ-જ્ઞાતિના સુંદર કાર્યો થયા. **૨૦૧૫** ના વર્ષથી નવા વિચારો-શક્તિ અને અંતરના ઉમદા ભાવ સાથે નવી ટીમ પ્રભુ-ગુરૂ અને જ્ઞાતિની સેવા કરવા માટે પધારી રહી છે. તેમના મંગલ Startup માં અતિમંગલ Back-up લેવા માટે પરમ પિતા શ્રી મહાવીર પ્રભુનાં પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી ભગવંતની ભક્તિઅર્ચના સહ નુતન ટીમનો શુભારંભ નો સમારોહ"

**-: કાર્યક્રમની રૂપરેખા :-**

તા. ૧૯/૪/૨૦૧૫ સવારે ૯.૦૦ કલાકે
અનંતલબ્ધિનિધાનાય "શ્રી ગૌતમસ્વામી મહાપૂજન"
વિધિકાર : શ્રી કેવલભાઈ સાવલા સંગીત પાર્ટી ના સથવારે

**ત્યારબાદ પધારેલ મહેમાનો તેમજ સમસ્ત જ્ઞાતિને સાધર્મિક ભક્તિનો લાભ લેવા વિનંતી.**

આ પ્રસંગે આપની હાજરી એટલે ગચ્છ-જ્ઞાતિ પ્રત્યેની આપની લાગણીની અભિવ્યક્તિ...

**જો... જો... ભુલતા નહિ, પધારજો વેળાસર સહપરિવાર સહિત...**

**શુભ સ્થળ :** અનંતનાથજી જૈન દેરાસરજી, અનંતનાથ ચોક, મસ્જિદ બંદર, મુંબઈ.

લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

પ્રમુખશ્રી : કલ્પેશ માણેકજી મોતા

તથા વ્યવસ્થાપક સમિતી અને

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટના ટ્રસ્ટીગણ**

સંપૂર્ણ કાર્યક્રમના પ્રાયોજક : કે.ડી.ઓ. ગરીમા ગ્રુપ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

## વર્ષ ૨૦૧૫-૨૦૨૦ માટે નિયુક્ત થયેલ મહાજનના કારોબારી સભ્યો



અજય શિવાળ | અજીત લોડાયા | અમિત મોમાયા | અમિત ધુલ્લા | અનુજ લોડાયા | અરવિંદ લોડાયા | ભરત જીવાણી



ભાવિન સોની | ચન્દ્રેશ ડાગા | ચેતન નાગડા | ચિમન નાગડા | દિપક લોડાયા | દિનેશ લોડાયા | હંસકુમાર છેડા



હરેશ મોમાયા | હેમંત ધુલ્લા | હીરાચંદ નાગડા | હિરેન લાપશીયા | હિતેશ નાગડા | જગત ધરમશી | જગદિશ નાગડા



જતીન ધરમશી | જીવરાજ લોડાયા | કલ્પના ધરમશી | કલ્પેશ લોડાયા | લક્ષ્મીચંદ પોલડીયા | મુકેશ શિવાળ | મુકુંદ મોમાયા



નરેશ ખોના | નિલેશ મોતા | પોલોમી ધરમશી | પ્રવિણ મોતા | પ્રવિણ લોડાયા | રાયચંદ જીવાણી | રાજેશ લોડાયા



રતિલાલ ખોના | રીતેશ ખોના | સમીર દંડ | તેજપાલ ધરમશી | ટોમેશ નાગડા



વીણા નાગડા | વિપુલ લોડાયા | વીરચંદ લોડાયા

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

વર્ષ ૨૦૧૫-૨૦૨૦ માટે નિયુક્ત થયેલ ટ્રસ્ટીઓ તથા મહાજનના પદાધિકારીઓ



શ્રી કલ્પેશ માણેકજી મોતા
પ્રમુખશ્રી - ટ્રસ્ટી



શ્રી હીરાલાલ હંસરાજ ડાગા
ઉપ પ્રમુખશ્રી - ટ્રસ્ટી



શ્રી લેરીન વર્ધમાન ખોના
ઉપ પ્રમુખશ્રી - ટ્રસ્ટી



શ્રી હેમરાજ મેઘજી ગોસર
ટ્રસ્ટી



શ્રી જયંત ભવાનજી સોની
ટ્રસ્ટી



શ્રી બીપીન પાસવીર નાગડા
ટ્રસ્ટી



અ.સૌ. માલતી હરીશ ધરમશી
ટ્રસ્ટી



શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા
માનદ મંત્રી - ટ્રસ્ટી



શ્રી કમલેશ મુલચંદ સોની
ટ્રસ્ટી - કારોબારી સભ્યો



શ્રી ચિમનલાલ હીરજી ખોના
ટ્રસ્ટી - કારોબારી સભ્યો



શ્રી ઉપેન્દ્ર કાંતીલાલ ગોસર
ટ્રસ્ટી



શ્રી રમેશ હીરજી લોડાયા
માનદ્ મંત્રી



શ્રી અતુલ ડુંગરશી ધરમશી
ખજાનચી

# ગરિમા સંદેશ

**લબ્ધિ નિધિના પુજનથી ચડતા ભાવે કરીએ**
**શુભારંભ હરેક જ્ઞાતિજન સુધી પહોંચે એમની કૃપાનો લાભ!**

મુંબઈ મહાજન તથા અનંતનાથ ટ્રસ્ટ ની નુતન ટીમે ૧ લી એપ્રિલ ૨૦૧૫ થી
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન – મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**
નો વહીવટ પરંપરાને અનુસરતા સંભાળી લીધો છે.

વૈશાખ સુદ એકમાં ચડતા ચંદર સાથે ચડતા ભાવે પ્રથમ જાહેર કાર્યક્રમ લબ્ધિ નિધિ ગૌતમસ્વામિ પુજન થી જાહેર કાર્યક્રમનો શુભારંભ થશે.

લબ્ધિ નિધિની કૃપા જેમના પર છે તેઓ જેમની પર કૃપા ઓછી છે તેમને કૃપાછત્રમાં લેવા સક્રિય બને, મહાજનનો ભંડાર એટલો છલકાય કે હરેકે હરેક જ્ઞાતિજન સુખ-સમૃદ્ધિ-સ્વાસ્થ્ય સાથે સાર્થકતાનો અનુભવ કરે એવો સંકેત આપવાના ભાવ છે.

ડાયમંડ - પ્લેટીનમ - ગોલ્ડન - સીલ્વર દાતાનો સહયોગ વધશે અને લબ્ધિ નિધિની કૃપાથી એ યાદી મોટી થાય એવા ય ભાવ છે.

મુંબઈ મહાજનની વર્ષ ૨૦૧૫ - ૨૦૨૦ ની ટીમ પુણ્યશાળી છે કે પ્રારંભે જ જ્ઞાતિબેન ની ભગવતી દીક્ષાનો ભાગ્યશાળી લાભ તેને મળી રહ્યો છે, એ પ્રસંગને ઐતિહાસિક બનાવવા ભાંડુપ સંઘ અને સાંઘવ મહાજન સાથે મળી તૈયારીઓ થઈ ચૂકી છે.

જ્ઞાતિની બહેનો જાણકાર બહેનો પાસેથી કંઈક નવું શીખે તે માટે દર ઉનાળે માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ થતાં વર્ગોનું આયોજન થઈ ગયું છે. જ્ઞાતિ ગરિમા જાળવવામાં નારી શક્તિની સક્રિયતા આવશ્યક છે એવો સંદેશ પ્રારંભથી જ આપવા ચાહે છે.

તેવી જ રીતે યુવાશક્તિ સમયોચિત કારકિર્દી પસંદ કરી જ્ઞાતિ ગરિમાને આગળને આગળ લઈ જાય તે માટે એપ્ટીટ્યુડ ટેસ્ટનું આયોજન કરવાની તૈયારી થઈ રહી છે.

૭૪ માં સમુહ લગ્નનું ઉલ્લાસભેર આયોજન નિર્ધારિત છે.

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ બોર્ડ અને મહા સમિતીની બેઠક પણ આ મહિને યોજાઈ રહી છે, તે આયોજન માટે સહકાર ની ખાતરીસહ

શુભકામના !

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**

## ક.દ.ઓ. જ્ઞાતિના વિચક્ષણ આગેવાન શ્રી વિનોદ ધુલ્લાને મરણોત્તર 'જૈન સમાજ રત્ન' એવોર્ડ



### જ્ઞાતિમાટે ગૌરવની વાત

ભગવાન મહાવીર સ્વામીના જન્મકલ્યાણકના શુભ દિવસે વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓએ આપણા લાડિલા અને બાહોશ સ્વ. શ્રી વિનોદભાઇ રાયચંદ ધુલ્લાનું 'જૈન સમાજરત્ન' ખિતાબથી મરણોત્તર સન્માન કર્યું આપણા હિમ્મતબાજ જ્ઞાતિજનની કદર કરી એ ખૂબ મોટી ગૌરવની વાત છે.

વિનોદભાઇનું સૌથી મોટું યોગદાન એ હતું કે સાતેક વર્ષ પહેલાં આપણી સરકાર બધી જ ધાર્મિક સંસ્થાઓ અને ટ્રસ્ટને પોતાને હસ્તક કરવા ઇચ્છતી હતી. આ બાબતમાં કાયદો ઘડવાની તૈયારી થતી હતી. આ વાત વિનોદભાઇએ જાણી કે તુરંત કાર્યરત થયા. સમસ્ત જૈન સમાજના પદાધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરી અને નિર્ણય લીધા કે સરકારની નીતિ વિરૂધ્ધ અવાજ ઉપાડવો. અન્ય ધાર્મિક સંઘો પણ આ વાતથી સંમત થયા. એકત્રિત થયેલ જનસમુદાયે સરકારની યોજના ફળીભૂત થવા દીધી નહીં. વિનોદભાઇની આ જબરજસ્ત મહેનતના કારણે ધાર્મિક સામાજિક સંસ્થાઓ સરકારી આક્રમણ દૂર થયું .

બીજું, સાધર્મિકને કંઇપણ મદદ કરવી હોય તો વિનોદભાઇ હંમેશા અગ્રેસર રહેતા. એક સમય પર આપણી જ જ્ઞાતિવતી એમને પ્રખર અન્યાય થયો હતો એ છતાં આ મોટા દિલના માનવીએ સમાજને ક્ષમા આપી પોતાનું જ્ઞાતિસેવા કરવાનું કાર્ય અવિરતપણે ચાલુ જ રાખ્યું. એમના અથાગ પ્રયાસના કારણે થોડા સમયમાં આપણં નવું વસ્તિપત્રક પ્રકાશિત થશે. તેમણે સમસ્ત જીવન જિન શાસનની સેવામાં અર્પણ કર્યું એ વાતોને યાદ કરીને ઝૂકી તો જવાય જ ને!

**ધર્મેન્દ્ર રતિલાલ નાગડા** - માટુંગા

---

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ,**
તેરા - કચ્છ, તા. અબડાસા, પીન : 370550 ફોન : (02831) 289223/224

**શ્રી તેરા તીર્થમાં વડીલોની સ્મૃતિ જાળવવાની અમુલ્ય તક**

**શ્રી. તે.કુ.લા.ધુ.ના. ભાવિકો જોગ,**

શ્રી તેરા-કચ્છ સ્થિત શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય સંકુલમાં ડેરીઓની પાછળ નવા બંધાતા બે સ્નાનગૃહ (પુરૂષ-સ્ત્રી) માટે નામની તક્તિ લગાડવાની શરતે દાતાઓને લાભ લેવા માટે અમુલ્ય તક છે. છેલ્લા ઘણાં વર્ષો બાદ બે ત્રણ વર્ષથી તેરા તીર્થમાં પધારતા યાત્રાળુઓની સંખ્યામાં ખૂબ વધારો થઇ રહયો છે. જેથી આ સ્નાનગૃહ બાંધવા અત્યંત જરૂરી છે. આપણાં સુંદર અને સ્વચ્છ સગવડતા ધરાવતા તીર્થમાં છુટક પૂજા કરવા આવતા ભાવિકો માટે સ્ત્રી/પુરુષ એમ બે સ્નાન ગૃહ ઉપર એકજ નામની તકતી લાગશે. જેનો બાંધકામ ખર્ચ આશરે રૂપીયા ચાર લાખ પચાસ હજાર જેટલો થાય તેમ છે અને સ્નાનગૃહ ઉપર નામ આપવા માટે દાતાઓએ **રૂા. ૩,૦૦,૦૦/- (રૂપીયા ત્રણ લાખ પૂરા)** ની ઓફર તા ૩૧.૦૪.૧૫સુધી તેરા તીર્થ ઉપરના સરનામે બંધ કવરમાં મોકલી આપવા વિનંતી છે.

સાથેજ તેરા ભોજનશાલા સંકુલમાં બંધાઇ રહેલા ભોજનશાળા માટેના ભંડાર (સ્ટોર રૂમ) માટે નામની તકતી લગાડવાની શરતે દાતાઓને લાભ લેવા માટે અમુલ્ય તક છે. દર વર્ષે ભોજનશાળામાં હાલ પચાસ હજારથી વધારે યાત્રાળુઓ લાભ લે છે. નવા બંધાતા સ્ટોર રૂમનો બાંધકામ ખર્ચ આશરે રૂપીયા અગીયાર લાખ જેટલો થાય તેમ છે. ભંડાર રૂમ ઉપર નામ આપવા માટે દાતાઓએ **રૂા. ૭,૦૦,૦૦૦/- (રૂપીયા સાત લાખ પૂરા)** ની ઓફર તા. ૩૧-૫-૨૦૧૫ સુધી તેરા તીર્થ ઉપરના સરનામે બંધ કવરમાં મોકલી આપવા નમ્ર વિનંતી છે.

આશા છે કે સ્થાનિકે આવતા વિવિધ યાત્રાળુઓ માટે બનતા સ્નાનગૃહ તથા ભોજન ભંડાર માટેના દાતા બની આવો અનેરો લાભ જરૂરથી લેશો જ. (નોંધઃ વહેલો તે પહેલો ના ધોરણે લાભ અપાશે)

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ તથા**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ-તેરા** વતી **ટ્રસ્ટીઓ**

## અશ્રુભરી શ્રધ્ધાંજલિ



**સ્વ. હિરાચંદ દામજી વીકમસી**

(પરજાઉ-હાલે - વડોદરા)

**જન્મ તા : ૨૩-૧૧-૧૯૪૮ અ.શ. તા. ૩૦-૩-૧૫**

" સદા નિસ્વાર્થ રહીને બીજાને આનંદિત રાખી પોતે આનંદ માણતા ગયા. બાળકો સાથે બાળક બની મોટા માટે ઉદાહરણ બનતા ગયા અટપટી જીંદગીમાં ઉતાર ચઢાવને સરલ રીતે જીવીને અમારા માટે માર્ગદર્શક બનતા ગયા. કુટુંબના આવા માર્ગદર્શક આત્માને પ્રભુ દિવ્ય શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**શ્રધ્ધા સુમન આપનાર**

માતા-પિતા : **સ્વ. સોનબાઇ દામજી વીકમસી**
જીવન સાથી : **ગં.સ્વ. સુશીલાબેન હિરાચંદ વીકમસી**
પુત્રવધુ-પુત્ર : **અ.સૌ. અંજલિ આશિષ વીકમસી**
પુત્રી-જમાઇ : **અ.સૌ. જયશ્રી ચેતન છેડા**
**અ.સૌ. દિપ્તી ભાવેશ લોડાયા**
ભાઇ-ભાભી : **સ્વ. ડુંગરસી દામજી વીકમસી**
**અ.સૌ. નિલમબેન નવીનભાઇ વીકમસી**
**અ.સૌ. જયશ્રીબેન હરેશભાઇ વીકમસી**
બહેન-બનેવી : **સ્વ. પ્રેમીલાબેન દિનેશભાઇ ધરમશી**
**ગં.સ્વ. ઝવેરીબેન પદમશી નાગડા**
**અ.સૌ. લતાબેન બીપીન સાયા**
પૌત્ર : **કુબેર, કેવલ, પ્રિયાંક**
દોહિત્ર અને દૌહિત્રી : **નીતિ, કૃતિ, રીશાંત**
સાસુ-સાસરા : **સ્વ. પ્રેમાબેન ધનજી લોડાયા**
સાળા/સાળાવેલી : **અ.સૌ. નિર્મલાબેન પ્રફુલભાઇ લોડાયા**
**અ.સૌ. હંસાબેન પ્રતાપભાઇ લોડાયા**
સાળી-સાઢુભાઇ: **અ.સૌ. લતાબેન શાંતિલાલ નાગડા**
વેવાઇ : **અ.સૌ. નિલમબેન લહેરચંદ મોમાયા (હુબલી)**

**ગં.સ્વ. પ્રભાબેન વસંતભાઇ છેડા** (મુંબઇ)
**સ્વ. લક્ષ્મીબેન ટોકરશી લોડાયા** (મુંબઇ)

## ક.દ.ઓ જૈન જ્ઞાતિ માટે ગૌરવભર્યા પ્રસંગો

આપ સૌને જાણતા ખુબજ ગૌરવ અનુભવશો જૈન સમાજ રત્ન પુરસ્કાર વિતરણ સમારંભ મુંબઇ કૉંગ્રેસ અલ્પ સખ્યાંક વિભાગ, મુંબઇ કૉંગ્રેસ ગુજરાતી સેલ, હેમ વિજય ફાઉન્ડેશ અને ઑલ ઇંડિયા જૈન ફાઉન્ડેશ દ્વારા આયોજીત ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનાં જન્મ કલ્યાણક મહોત્સવનાં દિવસે ગુરૂવાર તા - ૨-૪-૨૦૧૫ના બિરલા માતુશ્રી સભાગૃહમાં પ.પૂ. જ્યોતિષાચાર્ય શ્રી હેમચંદ્ર સુરીશ્વરજી મહારાજ સાહેબની પરમ નિશ્રામાં યોજાયો

મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ શ્રી અશોક ચવ્હાણના વરદ હસ્તે આપણી જ્ઞાતિના પ્રખર વ્યક્તિત્વ ધરાવતા એવા સ્વ શ્રી વિનોદભાઇ રાયચંદ ધુલ્લાને જૈન સમાજરત્ન પુરસ્કાર વિશાલ જૈન સમુદાયની સમક્ષ એમના પરિવાર જનોને અર્પણ કરવામાં આવેલ. ખરેખર ભૂરી ભૂરી અનુમોદના.

આપણી જ્ઞાતિમાં પણ ઘણા અનમોલ રત્નો છે. પ્રતિભા સંપન્ન લોકો ઘણા વિકટ ને પ્રતિકુળ સંજોગોનો સામનો કરીને શિખર સુધી પહોંચ્યા હોય અને એ પછી એમણે સમાજને કાંઇ આપ્યું હોય અને સમાજની બીજી વ્યકિતઓ એમાંથી પ્રેરણા લે એવી વ્યકિતઓની રૂબરૂ મુલાકાત દુરદર્શનની ગુજરાતી ચેનલ ડી.ડી.ગિરનાર સેટલાઇટ ચેનલપર વિશ્વભરમાં તા. ૨ ફેબ્રુઆરીથી દર સોમવારના રાત્રે ૧૦ થી ૧૦.૩૦ દરમિયાન ગુજરાતી ગૌરવ જીવનનો ઉજાસ ધારાવાહીક મુલાકાત આધારિત શ્રેણી પ્રાસારિત કરવામાં આવેલ છે.

તેમાં હવે તા. ૨૦-૪-૧૫ જોય ગ્રુપનાં શ્રી જયંતભાઇ સોની અને ૧૧-૫-૧૫ ના તનમન ટૂરના શ્રી ચીમનભાઇ મોતાની મુલાકાત પ્રસારિત કરવામાં આવશે. તો આપ સૌ જરૂરથી નિહાળશો.

**શ્રી તિલક જેઠાભાઇ મૈશેરી -** ભાંડૂપ

### લગ્ન સંબંધી

ડોંબીવલીમાં રહેતા સારી કંપનીમાં એકાઉન્ટંટનું કામ સંભાળતા નવેંબર ૧૯૮૩ માં જન્મેલા દંડ યુવક માટે સંપર્ક : 09324237027 / 09323481793
બહારગામની કન્યા પણ ચાલશે.

**જાણીતા મહિલા વકીલ શ્રીમતી જયશ્રી જિજ્ઞેશ મોતા, હૈદ્રાબાદ**



હૈદ્રાબાદના યુવા વકીલ શ્રી જિજ્ઞેશ નવીનચંદ્ર મોતા (લાખણીયા) ના ધર્મપત્ની શ્રીમતી જયશ્રી જિતેશ મોતાએ ઉસ્માનિયા યુનિવર્સિટી L.L.B. ની ડીગ્રી FIRST CLASS માં મેળવી, આંધ્ર પ્રદેશ બાર કાઉન્સિલના તેમજ મેટ્રો પાલિટન ક્રિમિનલ કોર્ટ, હૈદ્રાબાદ સિટી સિવિલ કોર્ટ, સિકંદ્રાબાદ સિટી સિવિલ કોર્ટ રંગા રેડ્ડી કોર્ટ અને લોક-અદાલતના સભ્ય બન્યા છે

શ્રીમતી જયશ્રીબેન શ્રી દિલિપભાઈ માણેકજી કુંવરજી નાગડા પાંચારિયા પરિવાર, હાલ મીરજ ના સુપુત્રી છે. અને બે બાળકોની માતા છે.

શ્રીમતી જયશ્રીબેન દક્ષિણ ભારતની અગ્રણી સમાચાર પત્રિકાઓ 'ડેલી હિન્દી મિલાપ' સ્કાય લાઇન ડેલી, પોલીસ ડાયરી, આંધ્ર પ્રદેશ માં અગ્રસેન કો. બેંક, મહેશ કો. બેંક, મહાવીર બેંક, જમ્મુ કાશ્મીર બેંક અને ઘણી આર્થિક સંસ્થાઓના કાનૂની સલાહકાર તરીકે કામ કરી રહ્યા છે.

શ્રીમતી જયશ્રી બેનેનો લગ્ન પછી આ સિધ્ધિઓ મેળવે છે તો અભિનંદનીય છે.

## કે.ડી.ઓ ક્લાસિકનો વિશેષ

### કાર્યક્રમ : હાસ્યનો ફુવારો

કે.ડી.ઓ. ક્લાસિક દ્વારા વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના સમાપન કાર્યક્રમ રૂપે તા. ૨૮-૩-૧૫ના ચેંબુરની એંકર ક્લબ ખાતે હાસ્યનો ફુવારો કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

હાસ્ય કવિશ્રી સુરેશ મિશ્રાજી અને હાસ્યકલાકાર નિર્મલ સિંઘે ભરપૂર મનોરંજન કર્યું હતું.

પ્રમુખ હીરાચંદ દંડે સૌને આવકાર આપ્યો. માનદ સેક્રેટરી ચંદ્રિકા ચેતન લોડાયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. શ્રીમતી લીનાબેન નિતિન કાપડીયાએ આભારવિધિ કરી હતી.


**GANGABEN DEVASHI SHIPPING PVT. LTD.**

DARSHAN VIJAY DAGHA.
B.E. (Elec) LLB.CS.

(Proff) Lisenced CHA
Advocates & Legal Advisors
Experts in Electrical Consultants
I.T. Solutions, Customs, Excise,
VAT, Service Tax

**"Gangaben Devshi House"**
Behind Birla College,
Gouri Pada Kalyan (W),
Phone :0251-2448280 /2433621
Mob.: 9821063106, 9867221953
E-darshandagha@gmail.com
**Branch at :**
KANDLA, MUNDRA, MUMBAI, DHULE






**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

## ભગિની સમાજ માનબાઇ પદમશી મહિલા મંડળદ્વારા ભારતીબેન હંસકુમાર ખીમજીને અનોખી સ્મરણાંજલિ





**ભગિની-સમાજ માનબાઇ પદમશી મંડળ**નાં માજી **પ્રમુખ શ્રીમતી ભારતીબેન હસંકુમાર ખીમજીની** સ્મૃતિ કાયમ રહે તે હેતુથી મંડળનાં કાર્યાલય હોલમાં ચાલતાં એલોપેથી દવાખાનાનું નુતનીકરણ કરી, તેને સદગત શ્રીમતી ભારતીબેનના નામે નામકરણ કરવા અર્થે શ્રી હંસકુમારભાઇ ખીમજી દ્વારા અપાયેલ રૂ.પાંચ લાખની રકમ એલોપેથી વિભાગ તથા ઇતર પ્રવૃત્તિઓ માટે તથા રૂ. એક લાખની ભેટ અન્ય ખર્ચાઓને પહોંચી વળવા અપાયેલ છે, જેની કદર રૂપે શ્રી હંસકુમારભાઇનું સન્માન કરવા મંડળના કાર્યાલય હોલમાં શનિવાર તા. ૨૮-૩-૨૦૧૫ના સત્કાર સમારંભ આયોજયો હતો.

સમારંભમાં હંસકુમારભાઇ તથા તેમના કુટુંબીજનો, સહ ભગિની સમાજના હોદદારો, શ્રી કચ્છી દશા ઓશવાલ મહાજનના નવા પ્રમુખ શ્રી કલ્પેશભાઇ મોતા, ઉપપ્રમુખ હીરાલાલભાઇ ડાઘા તથા લેરીનભાઇ ખોના તથા આમંત્રિત મહેમાનો વગેરે પધાર્યા હતા. સહુએ મંડળની પ્રવૃત્તિઓને વધાવી હતી.

મંડળના પ્રમુખ શ્રીમતી લીલાવતી મધુકર શાહે ઉપસ્થિત શ્રોતાઓને આવકારી મંડળનો અહેવાલ આપ્યો હતો. તેમણે સદ્‌ગત ભારતીબેનની સેવાઓને ભાવપૂર્વક બિરદાવી એમની સ્મૃતિમાં નવા નામકરણ સાથે નવીનીકરણ થયેલ દવાખાનાનું ઉદ્‌ઘાટન મુખ્ય અતિથી શ્રી હંસકુમારભાઇ તથા ભાગિની સમાજના કોષાધ્યક્ષ શ્રીમતી લવિંગીકાબેન દ્વારા કરાવી અને શ્રી હસકુમારભાઇને આદરપૂર્વક 'મોમેન્ટા' અર્પણ કર્યો. શ્રીમતી દત્તાબેન ખીમજીએ હંસકુમારભાઇનો પરિચય આપ્યો.

શ્રી હંસકુમારભાઇએ તેમના મંડળ સાથેના દાયકાઓ જૂના તેમના માતુશ્રી ઝમકુબેન સ્થાપિત અને પત્ની ભારતીબેન દ્વારા વિકસાયેલ પ્રવૃત્તિઓની ભીની યાદો તાજી કરી દર્દીલા સ્વરમાં સદ્‌ગત ભારતીબેનને શ્રધ્ધાંજલિ આપી. ઉપર ગગનમાંથી સ્વ. ભારતીબેન આ સમારંભ જોઇ શકતા હોય તો તેમને જરૂર સંતોષ થશે. એવા ઉદગારો દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને તેમણે લાગણીથી ભીંજવી નાખ્યાં.

શ્રીમતી કાંતાબેન મહેશ્વરીએ આભાર વીધિ કરી.

જ્ઞાતિજનોને મંડળની અનેક સેવાઓ (મેડીકલ, હોમીયોપથી, ફિઝીયો થેરાપી, ડ્રોઇંગ, નૃત્ય, શિવણવર્ગો તથા બાલમંદિર વગેરેનો લાભ લેવા મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## KDO GLOBAL SEMINAR ON IT AND EMERGING BUSINESSES.

A Path Breaking , Historical And Unique Seminar Has Been Thought Of And Is Proposed To Be Held To Take A Long-term Bets On The Community's Development Agenda To Better The Kdo Story. It's Tomorrow Will Be Made Today. It Is A Real Innovation In Creating The Future, Not Just Tweaking The Present. In The Long Run The Goal Is To Create An Innovative And Progressive Community. Attempt Is Going To Look At The Community From Outside –In And Not Inside-out And

A Two Day Seminar, May Be A First In The Annals Of Any Community, Is Proposed To Be Held At Lonawala In The Last Week Of December , 2015 Or In The First Fortnight Of The Month Of January, 2016 Under The Aegis Of The Following Community Organisations. It Will Be Very Professional Meeting Of Minds. The Eligible Participants Will Have To Pay A Reasonable Participation Fees, Which Will Be Intimated Later.

For Better Participative Communication A Whatsapp Group In The Name Of Kdo Global Seminar Is Being Created. A Page In The Face Book In The Same Name Is Also Being Opened To Proactively Involve All The Stakeholders. Profiles Of All The Eligible Participants Will Be Collected And Compiled For Reference By All The Participants. Creation Of An Institutional Framework, To Implement The Decisions Taken And Fulfil Other Objectives Of The Community Is Also Being Finalised For Continuity And Future Development . We Will Be In Constant Touch With The Community Through Community Magazines, E-mail, Whatsapp And Other Modes Of Communication. The Ideas And Suggestions To Make This Seminar An Outstandingly Useful Are Welcome From All The Kdos.

Shri Kdo Jain Welfare Trust, Pune & Shri Kdo Jain Mahajans Of Chennai, Bengaluru, Hyderabad And One More Important City.

Please Send This Introductory Mail To All Your Kdo Friends And Relatives.

**KDO GLOBAL SEMINAR COMMITTEE.**

**લગ્ન સંબંધી**

મૈશેરી પરિવારની M.B.A. ભણેલી, સુંદર દેખાવડી, સંસ્કારી કન્યા,પ' ઉંચાઇ, ઉંમર વર્ષ ૨૪, વજન ૪૫Kg, સારી કંપનીમાં જોબ. મુંબઇ સ્થિત યુવકના વડીલો સંપર્ક કરે. મો. 08108049037.


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

શ્રી મુલજી રાઘવજી લોડાયા

MRL Group of Companies


IIT Bombay is starting a new undergraduate program in design, a golden opportunity for aspirants of design career. Details can be seen at: http://www.uceed.in Please visit the site and study details. Students having excellence in creativity, visualization and problem solving abilities are encouraged to apply. Course :B.Des, Duration : 4 years, Eligibility : Class XII (or equivalent) passed in 2014 or appeared in 2015, Online Registration : 10 th to 25 th April, 2015, Date of Examination : 31 st May, 2015

For Help Contact :
Kiran Kumar Somchand Momaya IIT Bombay
Email: momaya@rediffmail.com
• Ph: 022-25768759


UP TO 20 % Discount ON READY STOCK

From 15 April

અવસર સારીઝ

દાદર

- કસબ-જીંક કસબ સાડીઓ
- કસબ-જીંક કસબ ચણીયા ચોલી
- પીટા વર્ક સાડી
- બટકસબ સાડી
- બોર્ડર
- બાંધણી

રિયલ ઘરચોળા વ્યાજબી ભાવે મળશે.

અવસર સારીઝ

૧, રૂપલ એપાર્ટ., દાદા સાહેબ ફાલકે રોડ, સાધના હોટેલની સામે, દાદર (ઇ.), મુંબઇ ટે. 2416 4239

સંપર્ક: દિનેશ દેઢિયા – 92234 25676

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ક્ષેત્રપાળ - દાદાની પહેડી

ભાંડૂપ તથા અનંત સિધ્ધિ ક્ષેત્રના રખેવાળ, જાગૃત દેવ, ક્ષેત્રપાળ દાદાની સામુદાયિક પહેડી રવિવાર ચૈ.શુ. બીજના યોજાઇ હતી. ક્ષેત્રપાળના ભૂવા શ્રી મહેશ દંડ (સાંધવ) અને ભલારાના ભૂવા શ્રી દિનેશભાઇ દંડે વિધી કરાવી. કિરીટ લોડાયાએ રંગ જમાવ્યો. યોગેશ પટેલ ની ચીવટ, વિનય લોડાયા, ફાલ્ગુન ખોના, વિપુલ લોડાયા, ધનબાઇ લાલકા સાથે અન્યોની મહેનત રંગ લાવી.

## મૈશેરી કુળની પહેડી

મૈશેરી કુળની પહેડી ચૈ.શુ. બીજના અનંતસિદ્ધિના બેંકવેટ હોલમાં શ્રી કુંવરજી ખીંયરાજ મૈશેરી મોટી સિંધીડીવાલા સહ પરિવાર તરફથી ઉમંગે સંપન્ન થઇ. પરિવાર જનોએ મંદિરની સજાવટે કરી અને ઉમળકે શોભા યાત્રા કાઢી સામૈયું કરી ચામુંડા મા. આશાપુરામાં અને સચ્ચાઇમાતા ચોંખણા કર્યા.

## શ્રી ભાંડૂપ પાઠશાળા

દાદાશ્રી કલ્યાણ સાગર સૂરી જૈન પાઠશાળા ભાંડૂપ ૪૯ વરસથી શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શ્રી. ક.દ.ઓ.જૈન સંઘના સહયોગે ચાલી રહી છે. આ પાઠશાળામાં ધર્મ શિક્ષણ મેળવી ૧૪/૧૪ સંયમી જિન શાસનને જયવંતું કરી રહ્યા છે.

ચાલુ વરસની ધાર્મીક પરિક્ષામાં પાઠશાળાનાં પરિક્ષાર્થીઓએ પરીક્ષા આપી. સારુ પરિણામ મેળવ્યું છે.

## આદિનાથ જન્મ કલ્યાણક

ભાંડૂપમાં આદિનાથ દાદાનો ફા.વ. ૮ ના જન્મ કલ્યાણક અને દિક્ષા કલ્યાણકની જય તપ સાથે આરાધના થઇ સાંજે હિરાની આંગીનો લાભ શ્રી ફાઇવ સ્ટાર્સ કેટરીંગે લીધો. શ્રી ફાલ્ગુન ખોના, વિનય લોડાયા, નિરલ પીર, લોડાયાએ.. રંગ જમાવ્યો.

## લાલાના દંડોના દેવસ્થાનોમાં 'આખંડ દિપક'

'શ્રી લાલા તીર્થે' દંડ પરિવારના કુળદેવી " શ્રી સચ્ચાઇ માં તેમજ શ્રી ગજોડવાલા 'નગરજા સત્તો દાદા'ના દેવસ્થાનોમાં તા. ૨૧-૩-૧૫ શનીવાર ના ચૈત્ર સુદ - ૧-ગુડી પડવા તેમજ આદ્યશક્તિનાં ચૈત્રી નવરાત્ર ના શુભારંભના ત્રિવેણી સંગમના મંગલ દિવસ શ્રીમતી મધુબેન નવીન દંડ અને શ્રીમતી મધુરીબેન હિરાચંદ દંડ ના હસ્તે અખંડ દિપક પ્રાગટ્ય કરવામાં આવેલ. રવિવાર તા. ૨૨-૩-૧૫ ના પધારેલ સર્વે દંડ પરિવારો 'કચ્છ દર્શન' ના જોવા લાયક સ્થલોના પ્રવાસે ગયેલ, આ શુભ પ્રસંગનો સમ્પૂર્ણ લાભાશ્રી નવીનભાઇ હીરજી દંડ (વેરાવલ), શ્રી હિરાચંદભાઇ નરશી દંડ (મુલુન્ડ) પરિવારે લીધેલ.

## ક.દ.ઓ. મહારાષ્ટ્ર એકમ, મહિલામંચ-કારંજા

મહિલામંચ કારંજાની જાન્યુઆરીની બેઠક ૧૮ તારીખના સૌ. લીના હિરાચંદ ગોસર ના ઘરે રાખવામાં આવેલ. મકરસંક્રાંત નિમિત્તે તિળગુળ આપી હલ્દીકંકુથી સ્વાગત કર્યા પછી વન મિનીટ ગેમ રમાડાયેલ, જેમાં પહેલા ક્રમે સૌ. હર્ષા નિશાંત ગોસર અને બીજા ક્રમે સૌ. પાયલ જીનન લોડાયા વિજેતા થયા. બીજી ગેમ 'મોબાઇલ નંબર ની 'હૌઝી' ની થઇ, જેમાં પહેલા ક્રમે સૌ. રાશી રાહુલ ગોસર અને બીજા ક્રમે સૌ. કેતકી


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

દિપક ગોસર વિજેતા થયા. વિજેતાઓને પ્રોત્સાહન બક્ષીસ આપવામાં આવેલ. કુ. ખુશી બિપીન ગોસર એ વર્તમાન પત્રોમાંથી વિવિધ વસ્તુઓ બનાવીને બતાડેલ. સૌ. દર્શનાબેને દૈનિક ઘરગુથી ટીપ્સ આપેલ.

મહિલામંચ કારંજાની તા. ૧૪-૨-૧૫ ની બૈઠક સૌ. પ્રભા વિજય લોડાયા ના ઘરે રાખવામા આવેલ. 'હાઉઝી'ની રમત રમાડવામાં આવેલ, જેમાં સૌ. હર્ષા નિશાંત ગોસર, સૌ. કેતકી દિપક ગોસર, સૌ. પાયલ જીનન લોડાયા તથા સૌ. રૂપા નંદીશ લોડાયા ઇનામ પાત્ર રહ્યા. લાલ રંગનું મેચીંગ કરવાની હરીફાઈમાં સૌ. સરોજ લલીત ખોના વિજેતા થયા. વિદ્યાબેને શાક માટેની વિવિધ ગ્રેવીની રેસિપી આપેલ. બધા સભ્યોએ ડબ્બા પાર્ટીનું આયોજન કર્યું

તા. ૨૨-૨-૧૫ના મંચ ના બધા સભ્યો ડબ્બા પાર્ટી કરવા ગયા. ત્યા વિવિધ ગેમો રાખવામાં આવેલ.

તા. ૨૮-૩-૨૦૧૫ ની બૈઠક સૌ. પાયલ જીનન લોડાયાના ઘરે રાખવામાં આવેલ. બે ટીમ બનાવાઇ, એમાં અંતાક્ષરી રમાડવામાં આવી. વિજેતાં ટીમનાં સભ્યોને એક મિનીટની ગેમ રમાડવામાં આવી. આમાં કપલની જોડી લખવાની હતી. એમાં પ્રથમ સૌ. દર્શના હરીશ ગોસર અને દ્વિતીય સૌ. કેતકી દિપક ગોસર આવેલ.

**શ્રી મહાકાળી મંડળ ભારતનગર (ગાંધીધામ)**

શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર ગાંધીધામ દ્વારા તા.૭-૩-૨૦૧૫ નાં રાત્રે શ્રી ઉપાશ્રયમાં શ્રી. મહાકાળી માતાજીની ભાવના જયાબેન ચત્રભોજ દંડ, ગામ-મંજલ, ભાંડૂપવાલા તરફથી રાખવામાં આવેલ ભાવિકોએ. સારી સંખ્યાએ લાભ લીધેલ. મુંબઇથી પણ ભાવિકો ભાવનામાં પધારેલ.

ભાવનામાં નીલમબેન, નુતનબેન, ભક્તિબેન, માનસી લોડાયા, લતાબેન તથા શામજીભાઇ, જયંતભાઇ, મનીષભાઇ અને ભાવિકે સમુહમાં હારમોનીયમ તથા તબલાની રમઝટ જમાવેલ. ભુજથી ભલારાદાદના ભુવાજી શ્રી કિશોરભાઇ સાંયા પધાર્યા હતા.

તા. ૨૧-૩-૧૫ નાં રાત્રે ૯ વાગે શ્રી મહાકાળી માતાજીની ભાવનાના સ્વ. હંસાબેન પ્રેમચંદભાઇ મોમાયા સાંયરા વારાપધરવાલા તરફથી રાખેલ વિવિધ છ ઇનામો અપાયાં.

ભાવનામાં નીલમબેન, નુતનબેન, ભક્તિબેન, માનસી લોડાયા અને લતાબેન શામજીભાઇ કલ્પેશ મોમાયા, લીતેશભાઇ, જયંતભાઇ, મનીષભાઇ, અને ભાવિક નાગડાએ સારી રમઝટ જમાવેલ.


**જગ્યા ભાડે આપવાની છે**

1-BHK મલાડ (વેસ્ટ) આકર્ષક શર્ત

માર્વે રોડ નજીક, એકતા નગર ભુમિ પાર્ક

પીલ પોંગ સ્કુલની પાસે ટાવરમાં

સંપર્ક : 0976913826

શુભેચ્છા સહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

**સેલ...!! સેલ...!! સેલ...!!**

ગ્રાહકોનો વિશ્વાસ અને ઉલ્લાસભરી ઉજવણી
એજ છે 'પાલવ' બાંધણીની પરંપરા

**૧૦ એપ્રિલથી**

ડિસ્કાઉન્ટ upto **40%**

ડિઝાઈનર બાંધણી • રંગબેરંગી ઘરચોળા
ચણિયાચોલી • ડ્રેસ મટેરીયલ • ફૂટવેર

**પાલવ** શોપ નં.૧, 'ઓ' વિંગ, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુન્ડ(વેસ્ટ), મુંબઇ-૮૦.

Ph.: 25616842 • 25906287

Website : www.palav.com • Email : contact@palav.com

સેલ દરમ્યાન રવિવારે દુકાન ચાલુ રહેશે

## 'નલીનપૂર નારી નીગમ' વેલેન્ટાઈનડે

નલીનપૂર નારી નીગમ સંસ્થા દ્વારા ૧૪-૨-૨૦૧૫નાં મુલુંડ દેવપુજ હોલમાં 'વેલેન્ટાઇન ડે' ની ઉજ્વણી કરવામાં આવી. લાલ રંગના ડ્રેસ અવમાં સજ્જ લગભ ૫૦ જેટલી બહેનોએ ખૂબજ ઉમળણથી ભાગ લીધો વિવિધ પ્રકારનાં પ્રોન્સ (મહીરા) પહેરીને, મ્યુઝીકલ હાઉસી સાથે બધી બહેનો જૂનાં નવાં ગીતોની મહેફીલમાં નાચતાં ગાતાં ઝૂમી ઉઠી હતી. ઇનામોની વઇચણી સંસ્થા દ્વારા મન મૂકીને કરવામાં આવી હતી. કાર્યક્રમની સફળતા માટે કમિટિનાં સભ્યોએ સારી જહમત ઉઠાવી હતી. ખાસ કરીને અલ્પાહાર માટે પૂર્વીબેન છેડા અને મ્યુઝીકલ હાઉસીની અને પ્રેબ્સની તૈયારી હીનાબેન લોડાયાએ ખૂબજ રસપૂર્વક કરી હતી.

### પ.પૂ. આચાર્યશ્રી કલાપ્રભા મ.સા. વિરાર પધાર્યા

પ.પૂ. આચાર્યશ્રી કલાપ્રભા મ.સા. સોમવાર તા. ૫-૪-૨૦૧૫ના વિરાર અચલગચ્છ સંઘમાં પધાર્યા હતા.

આચાર્યશ્રી પ્રથમ સુશ્રાવિકા કમલાબેન ગુલાબચંદ દામજી ધરમશી આદિણાવાલાના બંગલે પધાર્યા હતા. જયાં સમૈયામા શામલે યાશરે ૧૬૦ જીગથી નવકારશી યોથઇ હતી.

પૂજ્ય શ્રી કચ્છી ભવન માટેના ફ્લોર પર બંગલાં કરી ઉપાશ્રયમાં પધારેલ જ્યાં તેમણે પ્રેરક પ્રવચન આપ્યું હતું.

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - ગાંધીધામના નવા પદાધિકારો

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, ગાંધીધામ (બૃહદ ગાંધીધામ વિસ્તાર) ની તા. ૧-૨-૧૫ ના રોજ મહાજનવાડી મધ્યે એક સામાન્ય સભા મળી હતી અને તેના અનુસંધાને તા. ૮-૨-૧૫ ના રોજ તત્કાલીન પ્રમુખ શ્રી મિતેશભાઇ ધરમશીના અધ્યક્ષસ્થાને મળેલ કારોબારી સભામાં નવી કારોબારી સમિતિની તા. ૧-૪-૧૫ થી આગામી મુદત માટે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ પ્રમુખ સ્થાને શ્રી પ્રદિપ આણંદજી ખોના, ઉપપ્રમુખ શ્રી હરીશ ખીમજી લાલકા, માનદમંત્રી શ્રી જેસલ ચંદ્રકાન્ત દંડ, સહમંત્રી શ્રી કેતન મધુકાન્ત લોડાય, ખજાનથી શ્રી નિલેશ લક્ષ્મીચંદ ધરમશી, તેમજ કારોબારી સભ્યો સર્વશ્રી હરીશ ડુંગરશી ચુરલા, જીગર ભદ્રીક મૈશેરી, નિલેશ ઠાકરશી ડાઘા, ભાવિક શાંતિલાલ નાગડા, પરેશ વિરચંદ પટેલ, વિશાલ સુનિલ લોડાયા, અને કોષ્ટ સભ્ય શ્રી મિતેશ નિતિન મોતાની વરણી કરવામાં આવી હતી.

## શ્રી વાસુ પૂજ્ય સ્વામી શ્વેતાંબર જૈન મંદિર, નિઝામાબાદ નો ધજા મહોત્સવ

તેલંગાણાના નિઝામાબાદ સ્થિત એકમેવ દેરાસર શ્રી વાસુપૂજ્ય સ્વામી વાસૂપૂજ્ય સ્વામી શ્વેતાંબર જૈન મંદિરની સાલગીરા દિને ધામધૂમથી ૧૮ અભિષક તથા સંપૂર્ણ વિધિસહિત ધ્વજા ચઢાવવામાં આવી. આ શુભ પ્રસંગે હૈદ્રાબાદ, વડોદરા અને મુંબઇથી ભક્તો પધાર્યા. શ્રી નિઝામાબાદ સંઘ તરફથી બે દિવસ નવકારશી, સ્વામિવાત્સલ્ય અને ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી.

પ.પૂ. સર્વોદય સાગરજી મ.સા.શ્રી આશીર્વાદથી જૈન મંદિરના પ્રવેશ દ્વારની જમણી બાજુ સ્તુપ ઉપર આરસની ઘુમટબંધ નાની દેવડીમાં શ્રી મહાવીર સ્વામી, ગૌતમસ્વામી, સ્થલીભદ્ર અને વજ સ્વામીની મનોરમ્ય આરસની મુર્તિઓની પ્રતિષ્ઠા વિધિપૂર્વક કરવામાં આવી. શ્રી સ્થુલીભદ્રની પ્રતિષ્ઠાનો સંપૂર્ણ લાભ ગામ વારાપધરના નિઝામાબાદવાસી અ.સૌ. વીણાબેન ઉત્તમચંદ મોતા પરિવારે ઉછળતા ભાવે લીધો.

### શ્રી પદ્‌મ મુક્તિ વાત્સલય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ.મ.સા.શ્રી જયલક્ષ્મીશ્રીજી ના પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પૂ.મ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી ના માર્ગદર્શન અને આશિર્વાદે ટ્રસ્ટ ના કાર્યા સરળતાપુર્વક થઇ રહ્યા છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય પર વ્યવસ્થિતરૂપે ચાલે છે.

**કાયમી તિથિના દાતા :** (૧) માતુશ્રી સુમતીબેન સોમચંદ દંડ (વડાલા) (૨) શા.મુલજી જીવરાજ લોડાયા (સાંગલી) (૩) શા. દિપકભાઇ દામજી પોલડિયા (ભુસાવલ) (૪) શા. દામજી મૈશેરી દંડ (વરાડિયા) (૫) શા. કાંતીલાલ લખમશી ધુલ્લા (ઠાણા) (૬) પ્રેમકુંવરબાઇ ગોવિંદજી ધરમશી (વડાલા) (૭) પલ્લવી વિરચંદ શાહ (નાંદેડ-વિમલવિરચંદ ચાંપશી શિયાડ (૮) શા. છગનલાલ

વિસનજી ભાટે (ધુલીયા)

**નકરો આપનાર દાતા :** (૧) શા. તિલોકચંદ મુલજી છેડા (૨) પ્રિતી રાજેશ નાગડા (ખામગામ) (૩) ધનજી નાગશી પોલડિયા (ભોપાલ) (૪) વર્ધમાન નરપાર પટેલ (નાગપૂર) (૫) સૌ. સરોજબેન પ્રવીણભાઈ શાહ (આગાસી) (૬) કાંતિલાલ કલ્યાણજી ધરમશી (વડાલા-રંગપૂર)

## શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય

૪૦૦ વર્ષ પ્રાચીન મોડપર સુપાર્શ્વનાથ તીર્થના ધ્વજા રોહણ - વર્ષગાંઠ પ્રસંગે ત્રિહાનિકા મહોત્સવ બાબત મુંબઈ મુકામે ઉછામણી. પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગર મ.સા. ની નિશ્રામાં અને શ્રી જય નંદુની ઉદઘોષણામાં તા. ૧૫-૩-૧૫ ના શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ, ભાંડૂપ - મુંબઈ મુકામે થઈ હતી.

અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવની વીડીઓ ફીલ્મ મોટા પડદા પર ૨૫૦ શ્રી વધારે શ્રાવક -શ્રાવિકાઓએ આનંદ વિભોર થઈ માણી.

જીર્ણોધ્ધાર બાદ નવનિર્મિત મુખ્ય શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની ધ્વજાનો મહોત્સવના વિવિધ લાભો માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ ધરમશી (સેવક ભરૂડીયા - દાદર), માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (સેવક ભરૂડીયા-મુલુંડ) પરિવાર, માતુશ્રી પૂરબાઈ લખમશી લોડાયા (દલતુંગી - ઘાટકોપર), માતુશ્રી સોનબાઈ શામજી પંચરાજ રતિલાલ (દલતુંગી - ડોંબીવલી) પરિવાર, અ.સૌ. ગીતાબેન તથા નવીનચંદ્ર રતનશી લોડાયા (મોટી ખાવડી - મુલુંડ), પરિવાર, મે. પ્રિયદર્શની એન્ડ કું. ચાર્ટડ અકાઉટન્ટ, શ્રી જતીન નવીનચંદ્ર લોડાયા (મોટી ખાવડી - મુલુંડ), માતુશ્રી કમળાબેન વિસનજી નાગડા (નરેડી-મુલુંડ-પૂર્વ), અઢાર અભિષેકના ૧૫ ચડાવા પણ વિવિધ પરિવારોએ ઉછળતા ભાવે લીધા. ત્રિહાનીકા મહોત્સવ તા. ૨૩-૫-૨૦૧૫ થી તા. ૨૫-૫-૨૦૧૫ દરમ્યાન મીડપર મુકામે પૂ.મ.સા. જયવંતીની નિશ્રામાં ઉજવાશે.

***રીઝર્વ બેંકની સૂચના અનુસાર બેંકના આગ્રહ પ્રમાણે નામ પ્રકાશ સમીક્ષા માટેના ચેકોમાં નામ C.D.O. Prakash Samiksha Samiti એમ લખવું જરૂરી છે.***

### અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કાર્તિક બી. ખોના** | ડી-૮૦૩, રાજ રેસિડેન્સી ૨, છારવાળા રોડ, પટેલ સમાજ પાસે, બલિથા, વાપી - ૩૯૬૧૯૧, ગુજરાત. |
| **એમ.એમ.જૈન** | માઉંટ વ્હ્યુ ૨૦૨, યોગી હિલ, સ્વપ્ન નગરી પાસો, મુલુંડ વેસ્ટ, મુંબઇ - ૪૦૦ ૦૮૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**પદમકુમાર ધનજી નાગડા : 088925 52607** **કાર્તિક બી. ખોના : 09375 979899**

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૩.૧૫ | આદીપુર | સાગર દિલીપ રાયચંદ મોતા | સાંયરા | ૨૩ |
| | ગાંધીધામ | ભાવના રાજેશ લક્ષ્મીચંદ લોડાયા | વારાપધર | ૨૨ |

### આતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૦૮.૧૪ | ન્યુયોર્ક | જિગર વિનોદરાય દેસાઇ | સુરત | ૨૫ |
| | ન્યુયોર્ક/ચેંબુર | દર્શીની ધનરાજ લોડાયા | કોઠારા | ૨૬ |
| ૦૯.૦૩.૧૫ | ડોંબીવલી | પ્રથમેશ ભીમરાવ પાટીલ | ડોંબીવલી | |
| | પુના | અમી વિશનજી કુંવરજી લોડાયા | સાંયરા | ૩૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૦૩.૧૫ | ભાંડૂપ | વર્ષા જયેશ નવીનચંદ્ર છેડા | વારપધર | ૪૮ |
| ૦૫.૦૪.૧૫ | મુલુંડ | વનિતા પ્રવિણચંદ્ર ખીમજી દંડ | ભરૂડીયા | ૬૫ |
| ૦૫.૦૪.૧૫ | ઘાટકોપર | ગંગાબાઇ દેવશી દામજી ખોના | નલિયા | ૯૫ |
| ૦૬.૦૪.૧૫ | ડોંબીવલી | પ્રતાપ કુંવરજી નરશી ધરમશી | સાંધણ | ૫૮ |
| ૦૮.૦૪.૧૫ | રાયપૂર | લક્ષ્મીબેન કલ્યાણજી શિવજી નાગડા | જખૌ | ૭૭ |
| ૦૯.૦૪.૧૫ | રાયપૂર | કિશોરી જવેરચંદ લખમશી મૈશેરી | નાની સિંધોડી | ૬૮ |
| ૦૯.૦૪.૧૫ | હુબલી | લીલાવંતી ખેતશી ધનજી ખોના | નલિયા | ૮૦ |

## ચર્ચાને ચોતરે (૧૨માં પાનાથી ચાલુ)

પાર્કીંગની સરળતા ખાતર શક્ય હોય તો સ્વયંસેવકો સાથે પોલીસની મદદ લેવી સારી.

**કાંતિલાલ કેશવજી મોતા** (મુલુન્ડ)

### ઔરોલી મહાજનવાડી : પાલાણી કુટુંબની અનુપસ્થિતી બાબત ખુલાસો

ઔરોલીમાં બની રહેલ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની ‘શ્રી કાનજી વિસનજી પાલાણી હોલ સહિતની મહાજનવાડીના ઉદ્ઘાટન પ્રસંગે પાલાણી પરિવાર ઉપસ્થિત રહ્યા નહોતા તે બાબત ખુલાસો કરવાનો કે પાલાણી પરિવારનાના પ્રતિનિધિ સાથે આ ઐરોલીની મહાજનવાડીના ઉદ્ઘાટન બાબત પ્રાથમિક વાતચીત થઇ તે વખતેજ તે વખતના મહાજનના પદાધિકારીઓ સમક્ષ સ્પષ્ટતા કરવામાં આવેલી કે મહાજનવાડીનું કામ અપૂર્ણ છે અને ઓ.સી. મળવાને ઘણી વાર છે તો આ બાબત ઉતાવળ કરશો નહી.

કદાચ પાલાણી પરિવારના સ્પષ્ટ વલણને કારણેજ આમંત્રણ જ મોકલાયું નહી. આમંત્રણ મોકલાયું નહીં તેથી સ્વભાવિક રીતે પાલાણી પરિવારમાંથી કોઇ ત્યાં ગયું નથી.

**કિરણ ધનજી પાલાણી**

**SPORT WORLD STAR MONTHLY MAGAZINE PRESENT UMANG MELA 2015**
**EXHIBITION CUM SALE & GAMES ON SUNDAY 17TH MAY 2015 FROM 9.A.M. ONWARDS AT SAVERKUDLA HALL, RAJAJI PATH, DOMBIVLI EAST LIMITED STALL LEFT STALL BOOKING RS. 675/- •BANNER COST RS. 150/- •BACKSIDE ADVERTISE IN BILL RS.250/- BOOK EARLY WE ARE JUST ONE CALL AWAY FROM YOU AMIT DAND M. 9323406052 / 8655513501**

જરૂરતમંદ જ્ઞાતિજનો માટે વૃદ્ધ પેન્શન તથા અનાજ કિટ વિતરણ યોજનામાટે

# આભારસહ અનુમોદના



**માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી પરિવાર** - સુથરી/પૂના/માટુંગા દ્વારા છેલ્લા સાત વર્ષથી ડોંબીવલી તથા મુંબઈમાં જરૂરીયાતમંદ જ્ઞાતિજનો માટે વૃદ્ધ પેન્શન તથા અનાજની કિટનું દર મહિને વિતરણ થાય છે.

**આ યોજના આઠમાં વર્ષમાં ચાલુ રાખી છે. ધન્ય છે સંજય ધરમશી તથા કલ્પેશ ધરમશીને.** આ યોજનાનો દોઢસોથી વધુ કુટુંબ લાભ લે છે. આ કળિયુગમાં પણ જરૂરતમંદ જ્ઞાતિજનોની નિસ્વાર્થપણે સેવા ચાલુ રાખી જ્ઞાતિનું ઋુણ અદા આ કુટુંબ કરી રહ્યો છે. જેટલી પણ અનુમોદના કરીએ એટલી ઓછી છે એ સિવાય મેડીકલ અને શૈક્ષણિક સહાય પણ આ કુટુંબ દ્વારા કરવામાં આવે છે. આવા સુંદર કાર્ય માટે આ કુટુંબ નો આભાર માનીએ છીએ.

**અનુમોદક**

મુરબાઈ ટોકરશી ધરમશી. જશાપર-મુલુંડ
ભવાનજી જીવરાજ લોડાયા. નલિયા - મુલુંડ
ખેતશી જીવરાજ લોડાયા. નલિયા - મુલુંડ
મણીબાઈ કુવરજી લાલકા. બાંઢીયા - મસ્જીદ બંદર

**આ યોજનાનો લાભ લેવા નીચેના એડ્રેસ પર સંપર્ક કરો**

**માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ**

બી-૧૦૧, ત્રિભુવન સોસાયટી, આનંદ નગર, દીનદયાલ રોડ, ડોમ્બીવલી (વેસ્ટ), ૪૨૧ ૨૦૨

સંપર્ક : વિરેન્દ્ર ભવાનજી લોડાયા, 98210 73830

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

।। શ્રી શાંતિનાથાય નમો નમ:।।

# છઠ્ઠી પુણ્યતિથિ

।। શ્રી વાછરાદાદા નમો નમ:।।



છોડી સ્વજનોનો સાથ,
ગયા છો પ્રભુની પાસ...
અમ હૈયે રહ્યો છે કેવળ
તમારી યાદોભરી
સ્મૃતિનો સંગાથ...

જતન અમારા જાનથી
કીધાં, અળગા નહીં એવા
અમારા શીરછત્ર સમા આપ
હતા...
તમે સ્નેહના સાગર...
અમીરસ અમે સૌએ પીધા!

## સ્વ. ઠાકરશી લાલજી સામજી લોડાયા (પટેલ)

**ગામ સાંધવ-મુલુન્ડ**

**દેહ વિલય તા. ૧૦-૪-૨૦૦૯**

### ભાવભીની સ્નેહાંજલિ

| | | |
|---|---|---|
| પત્ની | : | ગં.સ્વ. વિમલા ઠાકરશી પટેલ |
| પુત્ર વધુ- પુત્રતુલ્ય ભાઇ | : | અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ |
| પુત્ર વધુ - પુત્ર | : | અ.સૌ. પ્રિયા વિપુલ ઠાકરશી પટેલ |
| | | અ.સૌ. ભાવના રાજેશ ઠાકરશી પટેલ |
| દિકરી-જમાઇ | : | અ.સૌ. ભાવના ચંદ્રેશ સોની (જખૌ) |
| | | અ.સૌ. ધારીણી કિંકેશ મૈશેરી (નાની સિંધોડી) |
| પૌત્ર | : | નેવિલ, સ્મિત   પૌત્રી : પલક, પ્રિયાન્સી, |
| દોહિત્રી | : | કૃપા, ઇશિતા, વૃષ્ટિ   દોહિત્ર : ક્રિષ્ટ |

if undelivered, please return to :
C.D.O. PRAKASH SAMIKSHA, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : RAICHAND R. NAGDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner) and Printed at THE NEW MILLENNIUM PRINTERS, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
Editor : Raichand R. Nagda

To,